**આજનો સુવિચાર**

પ્રસન્નતા સૌને પ્રિય છે, પણ ખિન્નતા નહિ.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૪૫ જૂનાગઢ તા.૦૩-૧૦-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 245, Junagadh : Date : 03 October, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# ભારતની ડિપ્લોમેટીક સર્જીકલ સ્ટ્રાઈક : કેનેડાનાં ૪૧ રાજદ્વારીઓને દેશ છોડી દેવા આદેશ





નવી દિલ્હી તા. ૩

ભારતે કેનેડાને તેના ૪૧ ડિપ્લોમેટ્સને પાછા બોલાવવા કહ્યું છે. ફાઈનાન્સિયલ ટાઈમ્સના અહેવાલ મુજબ ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યાને લઈને ચાલી રહેલા તણાવ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ડિપ્લોમેટ્સને ભારત છોડવા માટે ૧૦ ઓક્ટોબરની સમયમર્યાદા આપવામાં આવી છે.

રિપોર્ટ અનુસાર, આ ૪૧ ડિપ્લોમેટ્સમાંથી જે સમયમર્યાદા પછી ભારતમાં રહેશે, તેમને આપવામાંઆવતી છૂટ અને અન્ય લાભ બંધ થઈ જશે. લગભગ ૬૨ કેનેડિયન ડિપ્લોમેટ્સ ભારતમાં કાર્ય કરે છે. ૧૦ ઓક્ટોબર પછી ભારતમાં ૨૧ કેનેડિયન ડિપ્લોમેટ્સ જ રહેશે. અગાઉ વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે અમે કેનેડાને સ્પષ્ટપણે કહ્યું છે કે બંને દેશોમાં ડિપ્લોમેટ્સની સંખ્યા સમાન હોવી જોઈએ. વિયેના કન્વેન્શન હેઠળ આ જરૂરી છે. ૧૮ સપ્ટેમ્બરે કેનેડાના પીએમ ટ્રૂડોએ ભારત સરકાર પર ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યામાં શામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો.

ખાલીસ્તાની આતંકવાદી ગુરૂપતવંતસિંહ નિજજરની હત્યાના મામલે ભારત અને કેનેડા વચ્ચે સતત વધી રહેલા તનાવમાં ભારતે ઉઠાવેલા વધુ એક આકરા પગલામાં વધુ ડઝનબંધ કેનેડીયન ડિપ્લોમેટને પરત બોલાવી લેવા કેનેડાની જસ્ટીન ટ્રૂડો સરકારને જણાવી દીધુ છે અને હવે કેનેડા પણ વળતુ આજ પ્રકારનું પગલું લેશે તથા બન્ને દેશો વચ્ચેના સંબંધોમાં હવે નિર્ણાયક પળ આવી ગઈ છે. કેનેડાએ નિજજરની હત્યામાં ભારત સરકાર પર સંડોવણીના આક્ષેપો કરીને અને કોઈ પુરાવા આપ્યા નથી અને ખાલીસ્તાની તરફી ટ્રુડો કેનેડામાં ભારત વિરોધી પ્રવૃતિ વધારી રહ્યા છે તથા આંતરરાષ્ટ્રીય મંચ પર પણ ભારતને બદનામ કરવા કોશીશ કરતા ભારતે હવે વળતુ આકરુ પગલું લીધુ છે.

ભારતે કેનેડાના વિદેશ વિભાગને એક આદેશમાં દિલ્હીમાં કેનેડીયન દૂતાવાસમાં તૈનાત ૪૧ ડિપ્લોમેટને તા.૧૦ ઓકટોબર સુધીમાં પરત બોલાવી લેવા જણાવ્યું છે અને જો તેઓ આ મુદત પછી પણ ભારતમાં રહેશે તો તેમને જે રાજદ્વારી માફી (ડિપ્લોમેટીક ઈમ્યુનીટી) પ્રાપ્ત થઈ છે તે પણ પરત ખેચી લેશે. આ તમામ ૪૧ ડિપ્લોમેટને તેના કુટુંબ સહિત ભારત છોડી જવાનું રહેશે. સૂત્રોના જણાવ્યા મુજબ ભારતે અગાઉ જ બન્ને દેશોના દૂતાવાસમાં સમાન સંખ્યાનો મુદો ઉઠાવ્યો હતો અને કેનેડાના દૂતાવાસમાં જે વધારે ડિપ્લોમેટ હતા તે પરત બોલાવી લેવા જણાવ્યું છે. ભારતના ઓટ્ટાવા ખાતેના દૂતાવાસ કરતા નવી દિલ્હી ખાતે કેનેડાના દૂતાવાસમાં વધુસંખ્યામાં ડિપ્લોમેટ હતા.

# ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં જાતિ આધારીત વસ્તી ગણતરીનો મુદો ભાજપનું બ્લડપ્રેશર વધારશે

## બિહાર સરકારનાં નિર્ણયની સમગ્ર દેશ પર અસર પડશે : નાના પક્ષો મોટો ખેલ પાડશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૩

બિહારના જ્ઞાતિ ગણતરીના અહેવાલની રજૂઆત સાથે ગરમ રાજકારણ ભવિષ્યમાં કેન્દ્રીય રાજકારણમાં મોટા ફેરફારો તરફ નિર્દેશ કરે છે. કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોએ જે રીતે ઓબીસી કેન્દ્રીત સામાજિક ન્યાયની લાઈન લીધી છે, તે લગભગ નકકી છે કે આગામી લોકસભા ચૂંટણી દરમિયાન પછાત જાતિના મુદાઓ ધ્યાનના કેન્દ્રમાં રહેશે. એવું માનવામાં આવે છે કે હવે કેન્દ્રીય સ્તરે જાતિ ગણતરી હાથ ધરવા, જાતિઓની વસ્તી અનુસાર નીતિઓ બનાવવા અને સરકારી નોકરીઓમાં યોગ્ય પ્રમાણમાં હિસ્સો આપવાની માંગ વધુ ઉગ્ર થશે. કેન્દ્રીય સ્તરે તરત જ જાતિ ગણતરી કરાવવા માટે ભાજપ પર દબાણ વધશે તે નિશ્ચિત છે. ભાજપના શાસનમાં અનેક મોરચે પરાજિત થયેલા વિપક્ષ આગામી લોકસભા ચૂંટણીમાં સામાજિક ન્યાયની પીચ પર તેને કોર્નર કરવા માંગે છે. બિહારમાં અલગ જાતિની વસ્તી ગણતરી આ વ્યૂહરચનાનો એક ભાગ છે. બીજી તરફ, કોંગ્રેસ કેન્દ્રીય સ્તરે જાતિ ગણતરી, મહિલા અનામતમાં ઓબીસી મહિલાઓ માટે ક્વોટા પર દાવ લગાવી રહી છે, જયારે સમાજવાદી પાર્ટી ઉન્નત મતદારોની લાલચને બાજુ પર રાખીને યુપીમાં પછાત, દલિત, લઘુમતી પર દાવ લગાવી રહી છે. ખરેખર, કોરોના મહામારીને કારણે ૨૦૨૧માં ગણતરી થઈ શકી નથી. જો કે, મોદી સરકારે ત્યારે સ્પષ્ટ કર્યું હતું કે તે વસ્તીગણતરીમાં અલગ જાતિની ગણતરી નહીં કરાવે, પરંતુ હવે બિહારનો રિપોર્ટ સામે આવ્યા બાદ ભાજપ પર આ મામલે પોતાનું વલણ સ્પષ્ટ કરવાનું દબાણ રહેશે. જો કે, છેલ્લા ૧૦ વર્ષમાં ઉચ્ચ જ્ઞાતિઓની પાર્ટી હોવાનો પોતાનો ટેગ ઉતારીને સૌથી પછાત જાતિઓમાં મજબૂત પ્રવેશ કરનાર ભાજપ હાલમાં જુઓ અને રાહ જુઓના મૂડમાં છે.

# રાજૌરીમાં સુરક્ષા દળો - આતંકવાદીઓ વચ્ચે અથડામણ : ત્રણ જવાન ઘાયલ

જમ્મુ તા. ૩

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના કાલાકોટના જંગલોમાં ગત મોડી રાત્રે આતંકી અને સુરક્ષા દળના જવાન વચ્ચે અથડામણ થઈ હતી. જે મામલે આજે વહેલી સવારથી જ આ સ્થળે સૈન્યનું સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. શંકાસ્પદ ગતિવિધિની માહિતી મળ્યા બાદ, સેનાએ પોલીસ સાથે મળીને વહેલી સવારે કાલાકોટ વિસ્તારમાં બ્રોહ અને સૂમ જંગલ વિસ્તારને ઘેરી લીધો હતો.

મળતી માહિતી અનુસાર, રાજૌરીના કાલાકોટ વિસ્તારમાં બેથી ત્રણ આતંકીઓને ઘેરી લેવામાં આવ્યા છે. જંગલમાં છુપાયેલા આતંકવાદીઓની શોધ માટે સર્ચ ઓપરેશન ઝડપી બનાવામાં આવ્યું છે. ગત મોડી રાત્રે આતંકીઓ તરફથી ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ દરમિયાન સેના, જમ્મુ કાશ્મીર SOGની ટીમ ઘટના સ્થળે હાજર રહી હતી. આ દરમિયાન રાજૌરી જિલ્લાના કાલાકોટ સબ ડિવિઝનના બ્રોહ સૂમ ગામમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણમાં બે પેરા કમાન્ડો સહિત ત્રણ સૈન્યનાં જવાન ઘાયલ થયા હતા. સૈન્યના અધિકારીઓએ જણાવ્યું કે, સર્ચ ઓપરેશન મોડી રાત્રે અથડામણમાં ફેરવાઈ ગયું જ્યારે વિસ્તારમાં છુપાયેલા આતંકવાદીઓએ કોર્ડન તોડવાના પ્રયાસમાં દળો પર ગોળીબાર શરૂ કર્યો. સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી અને બંને પક્ષો વચ્ચે ગોળીબાર થયો હતો. તેમણે કહ્યું કે, ભાગી જવાના તમામ સંભવિત માર્ગોને બંધ કરવા માટે વધારાના દળોને વિસ્તારમાં મોકલવામાં આવ્યા છે.

# ખંધા ચીનની વધુ એક આડોડાઈ : અરૂણાચલ સરહદ નજીક હિમાલીયન ફોરમનું આયોજન કર્યુ

બૈજીંગ: અરૂણાચલ પ્રદેશ પર દાવો કરતા ચીને હવે એક તનાવ વધારતા પગલામાં ભારત-ચીનની અરુણાચલ સરહદ નજીક 'હિમાલયન-મીટ' યોજવા અને તેમાં પાકીસ્તાનને પણ આમંત્રણ આપવાની જાહેરાત કરી છે. હાલમાંજ એશિયન ગેઈમમાં અરુણાચલ પ્રદેશના ત્રણ ભારતીય ખેલાડીઓને વિઝા આપવાનો ચીને ઈન્કાર કર્યો હતો તે પછી વધુ એક પગલામાં આ સપ્તાહમાં અરુણાચલ સીમા પાસે જ ત્રીજી ટ્રાન્સ હિમાલયન ફોરમ ફોર ઈન્ટરનેશનલ કોઓપરેશન યોજવા નિર્ણય લીધો છે

જે સ્થળ ચીનના કબજાના તિબેટના યીંગચી બને છે અને તે અરુણાચલ સરહદની અત્યંત નજીક છે. આ સમીટમાં અફઘાનીસ્તાન અને મોંગોલીયા ઉપરાંત પાકીસ્તાનને પણ આમંત્રણ આપ્યુ છે. પાકના કાર્યકારી વિદેશમંત્રી જલીલ અબ્બાસ જીલાનીએ આ પરિષદમાં હાજર રહેવાની જાહેરાતકરી છે. આ સ્થળ અરુણાચલ પ્રદેશથી ફકત ૧૬૦ કીમી જ દુર છે.

તા.૪-૫ ઓકટોબર એટલે કે આવતીકાલથી જ આ બેઠક શરૂ થશે. ૨૦૧૮માં ચીને આ નવા મંચની સ્થાપના કરી હતી. તે સમયે તેનો હેતુ તે ક્ષેત્રના દેશો સાથે જીયોગ્રાફીકલ કનેકટીવીટી, પર્યાવરણની સુરક્ષા તથા ઈકોલોજી જાળવીરાખવા સહિતના ઉમદા હેતુ દર્શાવ્યા હતા. જો કે તેમાં ભારતને શામેલ કરાયું ન હતું અને છેલ્લી બેઠક ૨૦૧૯માં યોજાઈ હતી.

# સનાતન જ એક માત્ર ધર્મ : બાકી બધા સંપ્રદાય : યોગી આદિત્યનાથ

લખનૌ, તા.૩ :

ગુજરાતમાં તાજેતરમાં સનાતન ધર્મ અને સ્વામિનારાયણ વિશે જબરો વિવાદ થયો હતો અને તામિલનાડુમાં શિક્ષણમંત્રી ઉદયનીધિ સ્ટાલીનના સનાતન ધર્મનાં બફાટ વચ્ચે હવે ઉતરપ્રદેશના મુખ્યમંત્રી અને ફાયરબ્રાન્ડ નેતા યોગી આદિત્યનાથે એવું જાહેર કર્યુ છે કે ધર્મ માત્ર એક જ 'સનાતન' છે અને બાકીના બધાય માત્ર સંપ્રદાય છે.

ગુજરાતમાં સનાતન અને સ્વામિનારાયણ વિવાદ સરકારની મધ્યસ્થીથી માંડ શાંત પડયો છે. આ સિવાય તામિલનાડુના શિક્ષણમંત્રી અને એમ.કે.સ્ટાલીનના પુત્ર ઉદયનીધિએ સનાતન ધર્મ વિશે બેફામ ઉચ્ચારણો કર્યા હતા.

તેવા સમયે યોગી આદિત્યનાથના વિધાનો અત્યંત સુચક બની જાય છે. યોગીએ કહ્યું કે સનાતન જ એક માત્ર ધર્મ છે. અને બાકીના અન્ય તમામ પંથ-સંપ્રદાય છે. જેઓની પુજા-પ્રાર્થના કરવાની રીત ભીન્ન છે. શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞના એક કાર્યક્રમમાં સંબોધન કરતા તેઓએ કહ્યું હતું કે સનાતન સિવાયના તમામ સંપ્રદાયો જ છે અને તેઓની પુજા, ધાર્મિક વિધિ જુદી છે. સનાતન એ માનવતાનો ધર્મ છે અને તેના પર હુમલો કે આક્રમણ થશે તો વૈશ્વિક સ્તરે માનવતાની કટોકટી સર્જાશે. તેઓએ સંકુચિત માનસિકતા ધરાવતા વર્ગ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે શ્રીમદ ભાગવતને ખુલ્લા મને આત્મસાત કરવાની જરૂર છે અને તે જ મહત્વનું છે.

# ચંદ્ર ઉપર હવે વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવરની પુર્ન જાગૃત થવાની શકયતા લગભગ સમાપ્ત

નવી દિલ્હી તા.૩ : ચંદ્ર પર રાત્રી શરૂ થઈ ગઈ છે. સાઉથ પોલનું એ શિવશક્તિ પોઈન્ટ પણ અંધારામાં ડુબી ગયુ છે. આ અંધારાની સાથે જ વિક્રમ લેન્ડર અને તેનું રોવર પ્રજ્ઞાનને ફરીવાર જાગવાની આશાઓ પણ ધુંધળી પડી ગઈ છે. શિવશક્તિ પોઈન્ટ પર ૩૦ સપ્ટેમ્બરથી જ સૂરજનો પ્રકાશ મંદ પડવા લાગ્યો હતો,

ત્યારે જ આશંકા ઉઠી હતી કે શું વિક્રમ અને પ્રજ્ઞાન શું ફરી કયારેય જાગશે? આશા હતી કે ૧૪ દિવસના ચક્ર બાદ બન્ને ચંદ્ર પર ફરી જાગશે પરંતુ આવું થઈ શક્યું નહી. વિક્રમ અને પ્રજ્ઞાને બે સપ્તાહના મીશનમાં અનેક મહત્વના આંકડા એકત્ર કર્યા હતા. તેણે પહેલીવાર જુદી જુદી ઉંડાઈ પર ચંદ્રની સપાટીનું તાપમાન બતાવ્યું હતું. હવે ભલે રોવર અને લેન્ડર ફરી ન જાગે પણ આપણી સફળતાના પ્રતીક શિવશક્તિ પોઈન્ટ પર તે હંમેશા રહેશે.

# મહારાષ્ટ્રનાં નાંદેડની સિવિલ હોસ્પીટલમાં ૧૫ બાળકો સહિત ૩૧નાં મોત

નાંદેડ તા. ૩

મહારાષ્ટ્રનાં નાંદેડની સિવિલ હોસ્પીટલમાં છેલ્લા ૩૦ કલાકમાં ૩૧ના મોત થતાં હાહાકાર મચી ગયો છે. મૃતકોમાં ૧૫ બાળકોનો પણ સમાવેશ થાય છે. સરકારી હોસ્પીટલમાં દવાઓનો જથ્થો સમાપ્ત થઈ ગયો હોવાને કારણે મૃત્યુ થયા હોવાનો આક્ષેપ થઈ રહયો છે. ૩૦ કલાકમાં ૩૧નાં મોત થતાં આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે અને મહારાષ્ટ્ર સરકારને સ્પષ્ટના કરવાની ફરજ પડી છે.

**ખોડલધામ ટુર**

સ્લીપર કોચ

તા. ૧૦-૧૧-૨૦૨૩ ભાઈબીજથી ટુર ઉપડશે | દિવસ-૪૦

જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે

એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે

વહેલા તે પહેલાનાં ધોરણે

: બુકીંગ સંપર્ક :
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

**શું આપને વિશ્વના દરેક ખુણે બોલાતી English ભાષાની ચિંતા સતત મુંઝવી રહી છે ???**

ENGLISH FOR THE REAL WORLD

SPEAK Fluently Confidently

અંગ્રેજી બોલો આત્મવિશ્વાસથી...

૧૯ વર્ષથી જુનાગઢ જિલ્લામાં કાર્યરત Trusted Institute

Join Today Only... The KING of ENGLISH

● ધો.૧૨ પછી English Medium Field જોઈન કરતા પહેલા...
● English નો પાયો નબળો છે ? તો Improve કરવા માટે..
● A to Z ગ્રામર અને ઇન્ટરવ્યુ, ઈમ્પ્રુવમેન્ટ માટે

Listening skills + Group Discussion
Reading Skills + Personality Development
Writing Skills + Interview Practice
Speaking Skills + Language Lab

No.1 Spoken English Classes in Junagadh

A/c Class

MONARCH
The Institute of English
Preparing Master Minds

English Medium અને Gujarati Medium ના 5 થી 12 વર્ષનાં બાળકોને Spoken English Course શીખવા માટે અલગ વ્યવસ્થા

100 % Teaching Guarantee
• Improve your Spoken English
• Beginner to Advanced Students
• Transform the way you Speak English

Head Office: 203, Shri Raj Complex, Nr. Dagah, Vanzari Chovk, Junagadh. Mo.92284 52042, 74054 92042

Branch Office: 236, Star Platinum, Opp.Vegetable Market, Nr.Madhuram Baypass Gate, Junagadh. Mo.94297 71805, 94291 04009

E-mail : monarch1institute@gmail.com • User : Monarch Classes

**સ્ટાફ જોઈએ છે** અનુભવી / બિન અનુભવી

SWARAJ

સેલ્સમેન ● હેડ મેકેનીક ● હેલ્પર

જુનાગઢ, વિસાવદર, ભેસાણ, મેંદરડા

અનુભવીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.

મો. ૭૮૭૪૪ ૪૭૨૭૪

શ્રી યમુના ટ્રેકટર્સ

લક્ષ્મી પેટ્રોલ પંપની સામે, સરગવાડા બસ સ્ટેશનની બાજુમાં, રાજકોટ રોડ, જુનાગઢ.

**નવરાત્રી મહોત્સવ મનાવો ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં**

● શું આપ નવરાત્રી મહોત્સવ માટે પાર્ટી પ્લોટ કે મેદાન રાખવાનું વિચારી રહયા છો ?
● શું આપ સર્વજ્ઞાતિય નવરાત્રી મહોત્સવનાં આયોજન માટે વિચારી રહયા છો ?
● શું આપ એક દિવી - બે દિવસ અથવા ૧૦ દિવસ માટે ગ્રુપમાં દાંડીયા રાસનાં આયોજનનું વિચારી રહયા છો ?

તો મુંઝાશો નહી... કારણ કે....

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ કાળવા ચોક ખાતે આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલનું ગ્રાઉન્ડ છે જ...

આ ગ્રાઉન્ડ આધુનીક સુવિધાઓથી સજજ છે જેમાં લાઈટ ડેકોરેશન, નામી ઓરકેસ્ટ્રા મ્યુઝીકલ પાર્ટી, નામી કલાકારો સાથેની પણ વ્યવસ્થા છે આપને તો માત્ર નવરાત્રી મહોત્સવનું આયોજન જ કરવાનું છે બાકી સંપૂર્ણ સુવિધાથી સજજ છે

વહેલા તે પહેલાનાં ધોરણે

તો આપ રાહ શેની જોઈ રહયા છો ...?

બુકીંગ ચાલુ છે

સંપર્ક : મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧

જૂનાગઢ

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારેછે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેકગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફક્ત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

**શોરૂમ લાયક વેચાવ છે / વેચવાની છે**

એમ.જી. રોડ, દિપમંદિર કોમ્પ્લેક્ષ, ૨૨૫ સ્કવેર ફુટ જગ્યા વેચાવ છે તેમજ અભિષેક કોમ્પ્લેક્ષ, બીજા માળે, બે શટરવાળી દુકાન ૧૬૦ ફુટ જગ્યા વેચવાની છે. તેમજ વણઝારી ચોક પાસે નાની દુકાન ખૂબજ વ્યાજબી ભાવમાં વેચવાની છે.

સંપર્ક : મો. ૯૯૦૯૫ ૬૮૦૬૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# જૂનાગઢના સક્કરબાગમાં ગઈકાલે માનવ મહેરામણ, ૧૩,૩૨૦ પ્રવાસીઓએ લીધી મુલાકાત




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢના સક્કરબાગમાં ૮ ઓકટોબર સુધી ફ્રિમાં પ્રવેશ આપવામાં આવનાર હોય જેથી ગઈકાલે સોમવારે એક જ દિવસમાં સક્કરબાગમાં ૧૩,૩૨૦ પ્રવાસીઓ જોવા મળ્યા હતા. આ અંગે મળતી વિગત મુજબ ૧ ઓકટોબરથી જ ફ્રિમાં પ્રવેશ બંધ કરાવી દેવાયો હતો. દરમ્યાન ૧ લી ઓકટોબરે રવિવાર અને બીજી ઓકટોબરે ગાંધી જયંતિની રજા હોય સાથે ઉપરકોટના કિલ્લામાં ફ્રિ પ્રવેશ હોય લોકો મોટી સંખ્યામાં લોકો રજાની મજા માણવા નિકળી પડ્યા હતા. જોકે, સોમવારે ઉપરકોટમાં કોઇને પ્રવેશ અપાયો ન હતો. પરિણામે ભીડ સક્કરબાગ તરફ વળી હતી. દરમ્યાન આરએફઓ નિરવ મકવાણાએ જણાવ્યું હતું કે, સોમવારે મોટા ૧૦,૧૩૬ અને બાળકો ૩,૧૮૪ મળી એક જ દિવસમાં કુલ ૧૩,૩૨૦ મુલાકાતીઓ આવ્યા હતા જેમણે ફ્રિમાં સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયને નિહાળ્યું હતું. હજુ પણ વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી ચાલુ હોય આગામી ૮ ઓકટોબર સુધી દરેક મુલાકાતીઓ નિઃશુલ્ક મુલાકાત માણી શકશે.

## જૂનાગઢ : જુગાર દરોડો : રૂા.૨,૧૪,૭૦૦ના મુદ્દામાલ સાથે નવને ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે દોલતપરા અનાજ માર્કેટીંગ યાર્ડની પાછળ આવેલ ભાવેશ ખીમજીભાઈ બુધ્ધદેવના યમુના પ્રોટીન્સ કારખાનામાં જુગાર અંગેની રેડ પાડતા નવ શખ્સોને રૂા.૨,૧૪,૭૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર ભાવેશ ખીમજીભાઈ બુધ્ધદેવે પોતાના માલિકીના કારખાનામાં બહારથી માણસો બોલાવી ગંજીપતાના પાના તથા પૈસા વડે હારજીતનો જુગાર રમાડી અને પોતાના અંગત ફાયદા સારૂ નાલના પૈસા ઉઘરાવતા હોવાની બાતમીના આધારે જુગાર અંગે દરોડો પાડવામાં આવ્યો હતો. ભાવેશભાઈ ખીમજીભાઈ, જેન્તીભાઈ હીરજીભાઈ, કિશોરભાઈ નરોતમભાઈ, ભરતભાઈ મથુરાદાસ, હીરેનભાઈ અમનભાઈ, દિપકભાઈ અનંતરાય, ધવલભાઈ મનુભાઈ, દિલીપભાઈ રતીલાલભાઈ, વિવેકભાઈ કિશોરભાઈ વિગેરેને ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા અંતર્ગત કલમ ૪, ૫ અંતર્ગત કાર્યવાહીહાથ ધરી છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એ.પી. ડોડીયા ચલાવી રહ્યા છે.

## બીલખામાં તાજેતરમાં શહીદ થયેલ કોબ્રા કમાન્ડો શહીદ દિલીપભાઈને વીરાંજલીનો કાર્યક્રમ






(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બીલખા તા.૩

તાજેતરમાં કોબ્રા કમાન્ડોની ફરજ બજાવતા ઝારેરાના વતની વિર શહીદ દિલીપભાઈ ગોવાભાઈ શીરને સલામી અને વીરાંજલી આપવા માટે અત્રેની સગર સમાજની વાડીમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ વિરાંજલી કાર્યક્રમમાં મોટી સંખ્યામાં તમામ પક્ષના આગેવાનો અને ગ્રામજનો જોડાયા હતા. આ પ્રસંગે માળીયા અને પાદરીયાના સાગર સમાજના આગેવાનો પણ શ્રધ્ધાંજલી અર્પવા ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે બીલખા પીએસઆઈ ચુડાસમા, ઓમ કલાસીસના સંજયભાઈ ગોહેલ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ વેલભાઈ પાથર, બીલખાના ફોજી રાજુભાઈ મકવાણા વગેરેએ પ્રાસંગીક પ્રવચન આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હોમગાર્ડઝ કમાન્ડર અતુલભાઈ વ્યાસે કર્યુ હતું. કાર્યક્રમનું આયોજન સમસ્ત સગર સમાજ દ્વારા કરવામાં આવેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે રસીકભાઈ લાલૈયા, શૈલેષભાઈ માંડાણી, રાકેશભાઈ વિરાણી, મહેશભાઈ ડોસાણી, પ્રકાશભાઈ કારેણા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## વેરાવળમાં જૂની પેન્શન યોજના લાગુ કરવાની બુલંદ માંગના સૂત્રોચ્ચાર સાથે રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના નેજા હેઠળ શિક્ષકોની નીકળી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩

વેરાવળ શહેરમાં ગાંધી જયંતીના દિવસે શિક્ષકોની વિશાળરેલીજૂની પેન્શનયોજના લાગુકરવા સહિતનીમાગો સાથે યોજાયેલ હતી. છેલ્લા ઘણા સમયથી રાજયભરના શિક્ષકો સરકાર સામે આંદોલન કરી રહ્યા છે ત્યારે આજે ગાંધી જયંતીના દિવસે રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના નેજા હેઠળ વેરાવળ બીઆરસી ભવનથી ટાવર ચોક સુધી શિક્ષકોની વિશાળ રેલી યોજાયેલ હતી. આ રેલીમાં જૂની પેન્શન યોજના લાગુ કરવાની બુલંદમાંગ સાથે સુત્રોચ્ચાર કરતાં શિક્ષક ભાઈ-બહેનો બહોળી સંખ્યામાં જોડાયા હતા. ખાસ કરીને છેલ્લા કેટલાય સમયથી રાજયના શિક્ષકો સરકાર સામે આંદોલનનામાર્ગેચડ્યા છે. જૂની પેન્શન યોજના લાગુ કરવા સહિતની અનેક માગો સરકાર સમક્ષરજૂ કરવામાંઆવી છે. જે પૈકીની ઘણી માગોછે. જેનો હજુ સરકાર દ્વારા ઉકેલ લાવવામાં આવ્યો નથી અને જેના પગલે શિક્ષકો દ્વારા આંદોલનનો માર્ગ અપનાવવામાં આવ્યો છે. આજે ગાંધી જયંતીના દિવસે રાષ્ટ્રીય શિક્ષક સંઘના નેજા હેઠળ વેરાવળના બીઆરસી ભવનથી ટાવર ચોક સુધીની શિક્ષકોની વિશાળ રેલી યોજાઈ હતી જેમાં બહોળી સંખ્યામાં શિક્ષક-ભાઈઓ બહેનો જોડાયા હતા અને સૂત્રોચાર સાથે સરકાર સમક્ષ પોતાની માગ અને અવાજ પહોંચાડવાનો પ્રયાસ કરતા નજરે પડ્યા હતા. વેરાવળ ખાતેની વિશાળ રેલીમાં તાલુકા અધ્યક્ષ દિલીપભાઈ વાળા, સહ સંગઠન મંત્રી જેન્તીભાઈ ગોહિલ, જિલ્લા અધ્યક્ષ વિનુભાઈ બારડ મહામંત્રી દિનેશભાઈ મધા, સંગઠન મંત્રી કિશોરસિંહ રાઠોડ સહીત દરેક તાલુકાના અધ્યક્ષ અને મહામંત્રીઓ સાથે મોટી સંખ્યામાં શિક્ષક ભાઈ-બહેનો જોડાયા હતા. રાષ્ટ્રીય શૈક્ષણીક મહાસંઘના ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ દેવાતભાઈ ભોળાએ જણાવેલ કે, છેલ્લા કેટલાય સમયથી સરકાર સમક્ષ અમારી જૂની પેન્શનની માગ સહિતના અનેક પ્રશ્નો હજુ પણ પડતર છે. જે પ્રત્યે સરકાર યોગ્ય નિરાકરણ લાવે તેવી માગ છે.

ખાસ કરીને આજની રેલી સાથે ગાંધી જયંતી નિમિત્તે શિક્ષકો દ્વારા ટાવર ચોક ખાતે ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાની સ્વચ્છતા તેમજ તેમને સુતરની આટી અર્પણ કરવામાં આવી હતી અને જયાં સુધી શિક્ષકોની માગ સરકાર દ્વારા સ્વીકારવામાં નહી આવે ત્યાં સુધી આંદોલનચાલુ રાખવાની પ્રતીજ્ઞા પણ લેવામાં આવી હતી.

## સ્વચ્છતા હી સેવા અભિયાન બન્યું જન આંદોલન : સાંસદ પૂનમબેન માડમે દ્વારકા ખાતે સાફસફાઈ કરી શ્રમદાન કર્યું







(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૩

પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીની ઉજવણીના અવસરે દેશમાં કચરા મુકત ભારત થીમ પર ચાલી રહેલા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન સાથે સ્વચ્છતાના પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગઈકાલે સમગ્ર દેશમાં "એક તારીખ, એક કલાક" મહાશ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દ્વારકા જગત મંદિર ખાતે સાંસદ શ્રી પૂનમબેન માડમની ઉપસ્થિતિમાં મહશ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો. સાંસદ શ્રી પૂનમબેન માડમે દ્વારકા ખાતે જગતમંદિરના પટાંગણમાં તેમજ મંદિરની આજુબાજુના વિસ્તારમાં સાફ સફાઈ કરી શ્રમદાન કર્યું હતું. જેમાં અગ્રણીશ્રીઓ, હોદેદારો તેમજ નાગરિકો સહભાગી થયા હતા.

## ખંભાળિયામાં બનશે ભરવાડ સમાજની બોયઝ હોસ્ટેલ: બેઠક યોજાઈ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રથમ એવી ભરવાડ સમાજના વિદ્યાર્થીઓ માટે ખંભાળિયા ખાતે બોયઝ હોસ્ટેલના નિર્માણ અંગેનું જ્ઞાતિજનો દ્વારા આયોજન થઈ રહ્યું છે. તે માટે ખંભાળિયામાં પોરબંદર રોડ ઉપર આવેલી ભરવાડ સમાજની જગ્યા ખાતે બોયઝ હોસ્ટેલ બનાવવાના હેતુથી જ્ઞાતિના ટ્રસ્ટી મંડળ તથા જિલ્લાના આગેવાનોની પ્રથમ બેઠક તાજેતરમાં યોજવામાં આવી હતી.

જેમાં હોસ્ટેલ માટે બનાવવામાં આવેલા પ્લાન અંગે ચર્ચા તેમજ આ સ્થળ પર આગેવાનો-હોદ્દેદારો દ્વારા સ્થળ મુલાકાત કરી, અહીં વિવિધ મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ બેઠકમાં આગામી દિવસોમાં સમાજના લોકોને એક મીટીંગનું આયોજન કરવા બાબતે સવિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. એટલું જ નહીં, આગામી તારીખ ૨૯ ઓકટોબરના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભરવાડ સમાજની બેઠકનું આયોજન કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું છે.

આ પછી તમામ લોકોને સંમતિ બાદ આ જગ્યા પર જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલનું ખાત મુહૂર્ત કરવામાં આવશે. જ્ઞાતિના યુવાનોમાં શિક્ષણની જ્યોત જગાવવા માટે ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહેલા યુવાનો, વડીલો તેમજ ટ્રસ્ટીઓમાં આવકાર સાથે હકારાત્મક અભિગમ જોવા મળ્યો હતો.

### પરિવારો ઉપર જાણે આભ તૂટ્યું

## રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં પાંચ યુવાનોના હાર્ટ એટેકથી મોત

**ગુજરાતમાં નાની ઉંમરે યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધ્યું**

રાજકોટ, તા.૩

વર્તમાનમાં હૃદય ધબકારા ચુકી જવાના કિસ્સા વધી રહ્યાં છે. હવે એવું લાગે છે કે આ શબ્દનો ઉપયોગ વારંવાર કરવો પડે અને એ પણ મોટેભાગે અજુગતી ઘટનામાં. નાની ઉમરે હૃદયના ધબકારા બંધ થઈ જાય અને કોઈ વ્યક્તિ અચાનક ચિર નિંદ્રામાં પોઢી જાય. સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અનેક સ્થળોએ એવા કિસ્સા બન્યા કે જેમાં યુવાન વયે હૃદય થંભી ગયું હોય અને વ્યક્તિનું મૃત્યુ થયું હોય. કોઈ ગરબાની પ્રેક્ટિસ દરમિયાન અચાનક ઢળી પડે છે, કોઈ ક્રિકેટ રમતા રમતા બેભાન થઈ જાય છે. તો કોઈ ઓફિસ કે કારખાનામાં કામ કરતા કરતા હૃદયરોગના અચાનક હુમલાથી મૃત્યુને ભેટે છે.

બહારથી એકદમ સ્વસ્થ દેખાતો વ્યક્તિ છે જેને અચાનક જ ચક્કર આવે છે અથવા ગભરામણ થાય છે અને જોતજોતામાં તે ઢળી પડે છે અને હંમેશા માટે મૃત્યુ શૈયામાં પોઢી જાય છે. ગુજરાતમાં નાની ઉમરે હૃદયરોગના હુમલાથી મૃત્યુના કિસ્સા વધતા જાય છે. તબીબોનું માનીએ તો હૃદય અચાનક બંધ પડી જાય એ વાત નવી નથી પણ ટેકનોસેવી યુગમાં આવી ઘટનાની ચર્ચા વધી છે અને એટલે જ આવા કિસ્સા તરફ સમાજ કદાચ વધુ સંવેદનશીલ બન્યો છે. ત્યારે રાજકોટ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૫ યુવકોના હાર્ટ એટેકથી મોત થયા છે.

શહેરની અંબિકા ટાઉશીપમાં રહેતા અને સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા ૩૫ વર્ષીય લલિતસીંગ ગોપાલસીંગ પરીહાર ગઈકાલે સવારે તેમના ઘરે અચાનક બેભાન થઈ ગયા હતા. જેથી તેઓને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. ડોકટરની પ્રાથમિક તપાસમાં તેઓનું મૃત્યુ હાર્ટ એટેકના કારણે થયું હોવાનું સામે આવ્યું હતું.

તો રાજકોટના કોઠારીયા ગામે રહેતા રાજેશભાઈ ભૂત ખોરાણે ગામે આવેલી પોતાના ખેતરમાં કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક તેઓ બેભાન થઈને ઢળી પડ્યા હતા. જેથી ખેતર ખાતે હાજર ખેતમજૂરો તેમને લઈને સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેઓનું મૃત્યુ નિપજયું હતું. રાજેશભાઈના અવસાનથી એક પુત્ર અને બે પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવી છે. તો પરિવારમાં પણ માતમ છવાઈ ગયો છે.

આવો જ ગઈકાલે મેટોડા જીઆઈડીસીમાં બન્યો હતો, GIDCમાં આવેલી વાલ્વ બનાવતી કંપનીમાં નોકરી કરતા અને કંપનીની પાછળ આવેલી ઓરડીમાં રહેતા ૩૦ વર્ષીય વિજય માલુઆ સાંકેશ ગઈકાલે ઓરડીમાં રસોઈ બનાવી રહ્યા હતા. આ દરમિયાન તેઓ અચાનક બેભાન થઈ ગયા હતા. જેથી તેમને સહકર્મીઓ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં ડોકટરોએ તપાસ કરીને તેઓને મૃત જાહેર કર્યા હતા. ડોક્ટરે હાર્ટ એટેકથી મૃત્યુ થયાનું જણાવ્યું હતું. ચોથા કિસ્સામાં રાજકોટના ખોખડ્દળ નદીના પુલ પાસે ઓમ ઉદ્યોગનગર ખાતે રહેતા અને મજૂરી કામ કરતા રાશીદખાન નત્થુખાન (ઉં.વ ૩૪) તેમના ઘરે બેઠા હતા, ત્યારે બેભાન થઈ ગયા હતા. જેથી તેઓને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં તેઓનું મૃત્યુ નિપજ્યું હતું. મૃતક મૂળ યુપીના વતની અને અહીં મજુરીકામ કરતા હતા. તેમના અકાળે મોતથી પરિવારના સભ્યો આઘાતથી સ્તબ્ધ થઈ ગયા છે. જેતપુરમાં વધુ એક યુવાનને હાર્ટ એટેક આવતા મોત થયું હતું. વેલકમ ચાઈનીઝમાં કામ કરતા યુવાનને ઘરે એટેક આવ્યો હતો. યુવકને ટાકુડીપરામાં પોતાના ઘરે હાર્ટ એટેક આવ્યો હતો, કેસર દિલબહાદુર ખત્રી (ઉ.વ. ૩૯) નામનો મૂળ નેપાળનો અને જેતપુર ખાતે રહેતો યુવક છેલ્લા ઘણા વર્ષોથી જેતપુર વેલકમ ચાઈનીઝ નામની દુકાનમાં કામ કરતો હતો. મૃતદેહને પીએમ અર્થે જેતપુર સરકારી હોસ્પિટલ ખસેડાયો હતો.

### સરકારી બાબુઓમાં ફફડાટ

## કામ ન કરતા અધિકારીઓને તગેડી મૂકશે રાજ્ય સરકાર

**જુદા જુદા વિભાગોમાં ફરજ બજાવતા કલાસ-૧, ક્લાસ-૨ ના ૫૫ વર્ષથી ઉપરના નિષ્ક્રીય અધિકારીઓની હકાલપટ્ટી કરાશે**

ગાંધીનગર, તા.૩

સરકારી ઓફિસોમાં બાબુઓ કામ નથી તેવી ફરિયાદો આજકાલની નથી, જૂની છે. લોકોના કામની ફાઈલો વધતી જાય છે, છતાં સરકારી અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી. આવામાં હવે સરકાર આવા સરકારી બાબુઓ પર લગામ લગાવવાનું વિચારી રહી છે. ગુજરાતના જુદા જુદા વિભાગોમાં ફરજ બજાવતા ક્લાસ-૧ અને કલાસ-૨ ના ૫૫ વર્ષથી ઉપરના નિષ્ક્રીય અધિકારીઓની હકાલપટ્ટી કરાશે. તેઓને જલ્દી જ નોકરીમાંથી કાઢી મૂકવાનો તખ્તો તૈયાર કરઆશે. આ માટે સામાન્ય વિભાગ દ્વારા ૨૯ સપ્ટેમ્બરના રોજ સૂચના જાહેર કરવામાં આવી છે. આ સૂચના બહાર આવતા જ સરકારી કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. સરકારે નક્કી કર્યું છેકે, ૫૦ થી ૫૫ વર્ષની વયે આવા અધિકારીઓને સેવાનિવૃત્ત કરવાની સત્તા મળી છે. તેથી અગાઉની સૂચના રદ કરીને હવે તેમાં નવા માપદંડ ઉમેરાયા છે. સરકારી કર્મચારીઓને ૫૦-૫૫ વર્ષની ઉંમરે નિવૃત્ત કરી શકાશે, યોગ્ય કામગીરી ન જણાય તો સરકારી કર્મચારીને નિવૃત્ત કરી શકાશે તેવી સત્તા સરકાર પાસે છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં કર્મચારીની સેવાઓની સમીક્ષાના આધારે સરકાર પાસે નિર્ણય લેવાની સત્તા છે. આ સમીક્ષા સમયે કર્મચારીની સમગ્ર અને કામગીરીના રેકોર્ડને ધ્યાનમાં લેવાશે. સાથે જ જો સરકારીની કામગીરી શંકાસ્પદ હશે તો તેને સરકાર સામેથી જ નિવૃત્ત કરી શકશે. સાથે જ જો કર્મચારી સરકારી ઓફિસ માટે બિનઅસરકાર જણાશે તેને પણ નિવૃત્તિ આપી દેવાશે. તેમાં એક જોગવાઈ એવી છે કે, સામાન્ય રીતે બિનઅસરકારકતાના આધારે નિવૃત્ત કરી શકાય તેવુ નથી. તેથી આવા કેસમાં એક વર્ષના સમયગાળામાં વિચારણા કર્યા બાદ જ નિવૃત્તિ આપવામાં આવશે. સરકારના આ નિર્ણયથી સરકારી કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. તેથી સરકારી કર્મચારીઓને પોતાની યોગ્યતા દાખવવી પડશે, નહિ તો સરકાર ગમે ત્યારે હાંકી કાઢશે.

પોતાનુ પદ અને નોકરી ચાલુ રાખવી હોય તો કામ કરવુ પડશે. સરકારી કર્મચારીઓની ત્રિમાસિક કવાયત ક્યારેય કરવી તે પણ નક્કી કરાયું છે. આ માટે એક રજિસ્ટર તૈયાર કરીને જે તે વિભાગ કે સંવર્ગના વરિષ્ઠ અધિકારી દ્વારા તેની શિડ્યુલ મુજબ કર્મચારીઓની નિવૃત્તિ કે પ્રિમેચ્યોર નિવૃત્તિની તપાસ અને સમીક્ષા કરાશે.

## ખંભાળિયામાં આપ દ્વારા ગાંધીજીને શ્રદ્ધા સુમન અર્પણ કરાયા



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

ખંભાળિયામાં જોધપુર ગેઈટ વિસ્તારમાં આવેલી ગાંધીજીની પ્રતિમા ખાતે સોમવારે આમ આદમી પાર્ટીના કાર્યકરો એકત્ર થયા હતા અને ગાંધીજીની પ્રતિમાને ફૂલહાર પહેરાવી વૈષ્ણવજન ભજન વગાડીને પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **કિરણબેન પ્રકાશભાઈ જેઠવા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **કિરણ પ્રકાશ જેઠવા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**કિરણ પ્રકાશ જેઠવા**

'ધ્યાનમ' પ્રજાપતિ સોસાયટી, એબીએચએસ સ્કુલ સામે, વેરાવળ ગીર સોમનાથ - ૩૬૨૨૬૫

CMYK CMYK

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ટકુડાનાં કુશાસનમાં કેનેડા પોતાની ગરિમા ગુમાવી રહયું છે

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટહડોના છેલ્લા કેટલાક દિવસો બેહદ અપમાનજનક રહ્યા છે. ભારત દ્વારા આયોજિત જી-૨૦ શિખર સંમેલનમાં ઠંડા પ્રતિસાદ બાદ, તે એંગ્લોસ્ફીયર દેશોમાં પણ પોતાના તમામ સહયોગીઓ વચ્ચે એકલા પડી ગયા છે. અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને ત્યાં સુધી કે ન્યૂઝીલેન્ડ સહિત કેનેડાના કોઈપણ ગઠબંધન સહયોગીએ તેમના આરોપોનું સમર્થન નથી કર્યું કે કેનેડાઈ ધરતી પર ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યા માટે ભારતીય એજન્ટ જવાબદાર હતા. ટહડોની વાહિયાત દલીલ અનુસાર, નિજ્જર આતંકવાદી નહીં પણ કેનેડિયન નાગરિક હતો, જેને ભારતના આદેશ પર મારી નાખવામાં આવ્યો. જી-૨૦ શિખર સંમેલનમાં ભારત વિરુદ્ધ સંયુક્ત નિવેદન જારી કરવા માટે પશ્ચિમમાં કેનેડાના સહયોગીઓને સામેલ કરવાની અસફળ કોશિશ શરૂ કરતાં પહેલાં તેમણે કેનેડિયન સંસદમાં આ આરોપ લગાવ્યો. પરંતુ ના તો શિખર સંમેલન પહેલાં સમર્થન માટે તેમનો પ્રચાર કામ લાગ્યો કે ના કેનેડિયન સંસદમાં મુદ્દો ઉઠાવ્યા બાદ તેમની આશા સફળ થઈ શકી. એવામાં જ્યારે ચીન ભૂરાજકીય તાપમાન વધારી રહ્યું છે, ટહડોના તમામ સહયોગી ભારતને એક મહત્ત્વપૂર્ણ ભાગીદાર રૂપે જુએ છે, ખાસ કરીને ભારત-પ્રશાંત ક્ષેત્રમાં. તેઓ ભારતને તેના ઉભરતા બજાર અવસરો માટે પણ મહત્ત્વ આપે છે. એ શરૂઆતથી જ સ્પષ્ટ હતું કે એંગ્લોસ્ફીયરનો કોઈપણ દેશ ટહડો સાથે નહીં હોય. તેમ છતાં ટહડો આગળ વધ્યા અને આવનાર લાંબા સમય માટે ભારત સાથે કેનેડાના સંબંધોને ખતરામાં મૂકી દીધા. તેમના આ હાસ્યાસ્પદ વ્યવહારને શું કહેવું?

ટહડો એક નિતાંત રાજકીય તકવાદી રાજકારણી છે, જેમણે ખાલિસ્તાનીઓના હાથમાં રમવાની ઉતાવળમાં કેનેડાની ગંભીર સમસ્યાઓ પરથી ધ્યાન હટાવવાની હતાશામાં, ખુદને એવા વ્યક્તિ રૂપે રજૂ કરવા માટે ભારતનો ઉપયોગ કર્યો, જાણે તે પોતાના દેશની બહુ પરવા કરતા હોય. પરંતુ હકીતમાં જો આજે કેનેડાના રાષ્ટ્રીય હિતોનું કોઈ દુશ્મન હોય તો તે ખુદ ટહડો જ છે.

ટહડોના કુશાસનમાં કેનેડા પોતાની ગરિમા ગુમાવી ચૂક્યું છે અને પાકિસ્તાનની બીજી આવૃત્તિ બની રહ્યું છે. આજે બંનેની ઘરેલુ અને વિદેશી નીતિઓમાં પણ ભારે સમાનતા દેખાય છે. કલ્પના કરો, જેમ પાકિસ્તાન અત્યધિક ફુગાવા સામે ઝઝૂમી રહ્યું છે અને લોકો પોતાની બુનિયાદી જરૂરિયાતોને પૂરી કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, કેનેડાના શહેરોમાં પણ એવું જ થઈ રહ્યું છે. દેશની અર્થવ્યવસ્થા હજુપણ કોવિડના દુષ્પ્રભાવોમાંથી બહાર નથી આવી શકી, છતાં આકાશ આંબતી મોંઘવારી એક સરેરાશ કેનેડિયન આજે જે પણ કમાઈ રહ્યો છે તેને પણ ખતમ કરી રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં, રહેવાનો ખર્ચ ઓછામાં ઓછા ત્રણ ગણા વધી ગયો છે અને આવાસ ભાડાંમાં ભારે વધારો થયો છે, જેનાથી કેટલાય લોકો બેઘર થઈ ગયા છે. ભાવવધારાએ અસ્તિત્વને મુશ્કેલ બનાવી દીધું છે, કેનેડાની અર્થવ્યવસ્થા પર મંદીની આશંકા પણ તોળાઈ રહી છે.

આર્થિક મંદીનો સામનો કરી રહેલા કેનેડામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ ચિંતાજનક થઈ ગઈ છે. ૨૦૧૬ બાદથી નશીલી દવાઓના ઓવરડોઝને કારણે ૩૦,૦૦૦થી વધુ લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. પાકિસ્તાનની જેમ જ કેનેડા પણ ઝડપથી નાર્કો-આતંકવાદના કેન્દ્ર રૂપે ઉભરી રહ્યું છે. પરંતુ ઈસ્લામિક આતંકવાદથી પ્રભાવિત પાકિસ્તાનથી વિપરીત, કેનેડા ખાલિસ્તાની લોબીને ખુશ કરવા માટે ભારે કિંમત ચૂકવી રહ્યું છે. કેનેડા આજે લગભગ ૪૦-૫૦ ગેંગસ્ટરો અને ડ્રગ તસ્કરોનું ઘર બની ગયું છે, જે ભારતના પંજાબથી ભાગેલા છે અને કેનેડાનાં શહેરોમાં સુરિક્ષત આશરો મેળવી રહ્યા છે. આજે તેઓ નશીલી દવાઓનો પૂરવઠો, ખંડણી અને હત્યાઓને પોતાની નિયમિત ગતિવિધિઓ સાથે આંતરરાષ્ટ્રીય અપરાધ સિંડિકેટ ચલાવી રહ્યા છે. ઈન્ડો-કેનેડિયન ડ્રગ કાર્ટેલ એટલી કુખ્યાત થઈ ગઈ છે કે કેટલાય અપરાધ, ત્યાં સુધી કે ત્રીજા દેશમાં પણ તેની સાથે જોડાયેલા છે. ભલે કેનેડા ખાલિસ્તાની આતંકવાદીઓના મનસૂબાનું શિકાર થઈ રહ્યું હોય, પણ જસ્ટિન ટહડોને તેની જરા પણ પરવા નથી. તેઓ પોતાનું રાજકીય ભવિષ્ય સુરિક્ષત કરવા માટે ખાલિસ્તાની તત્ત્વોને થાબડભાણાં કરી રહ્યા છે. તેમની અલ્પમત સરકારનું ભાગ્ય ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના સમર્થન પર નિર્ભર છે, જેનો પ્રમુખ કટ્ટર ખાલિસ્તાની સમર્થક જગમીત સિંહ છે. જગમીત પોતાના અતિવાદી વિચારો માટે કુખ્યાત છે અને તે હંમેશાં ખાલિસ્તાનીઓ દ્વારા આયોજિત કાર્યક્રમોમાં ભાગ લેતો આવ્યો છે. મુશ્કેલી એ છે કે કેનેડામાં શીખ સમુદાય કુલ ભારતીય પ્રવાસીઓની એક નાની ટકાવારી હોઈ શકે છે, પરંતુ જગમીત જેવા રાજનેતાઓએ આ સમુદાયના એક વર્ગની કટ્ટરપંથી ભાવનાઓને ખુશ કરીને પોતાની રાજકીય કારકીર્દિ ઘડી. ટહડોને પણ કેનેડાની ધરતી પર થનારી ખાલિસ્તાન સમર્થક ગતિવિધિઓમાં કશું જ ખોટું નથી લાગતું. માત્ર ૨૦૨૩માં જ કેનેડામાં હિંદુઓ વિરુદ્ધ દસથી વધારે ઘૃણા અપરાધ થયા છે, પરંતુ ટહડોનો 'ખાલિસ્તાન પ્રેમ' કેનેડિયન સમાજમાં વધતા ખાલિસ્તાની કટ્ટરવાદ પર ભારે પડી રહ્યો છે. એ દુર્ભાગ્યપૂર્ણ જ નહીં, શરમજનકપણ છે કે ટહડોએ સદનમાં જેવો ભારત વિરુદ્ધ વાહિયાત આરોપ લગાવ્યો કે અન્ય એક ખાલિસ્તાની આતંકી ગુરપતવંત સિંહ પન્નૂ, જે અમેરિકી નાગરિ છે, તેણે એક વીડિયો જારી કરીને કેનેડિયન હિંદુઓને કેનેડા છોડવાની ચેતવણી આપી. ટહડો દ્વારા નિજ્જર જેવા આતંકવાદીને આપવામાં આવેલ ખુલ્લા સમર્થને કેનેડામાં ખાલિસ્તાની તત્ત્વો દ્વારા હિંદુઓ વિરુદ્ધ થનારી તમામ હિંસાને કાયદેસર બનાવી દીધી છે!

આ એવું જ લાગે છે જેવું પાકિસ્તાનમાં થયું હતું. પાકિસ્તાન દ્વારા ઈસ્લામી આતંકવાદને મૌન સમર્થને દેશમાં હિંદુ અલ્પસંખ્યકોને વિલુપ્તિના આરે લાવી દીધા છે.

### FSSAI દ્વારા ચેતવણી આપવામાં આવી

# અખબારમાં રાખીને ન કરો ભોજન, બીમારીનો થઈ શકો છો શિકાર

નવી દિલ્હી, તા.૩

ખાદ્ય સુરક્ષાના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) ફૂડ સેફ્ટી એન્ડ અને સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) જી કમલા વર્ધન રાવે ભારપૂર્વક વિનંતી કરી છે. સમગ્ર દેશમાં ગ્રાહકો અને ખાદ્ય વિક્રેતાઓએ તાત્કાલિક અખબારોનો ઉપયોગ કરવાનું બંધ કરવું ખાદ્ય ચીજવસ્તુઓના પેકિંગ, સેવા અને સંગ્રહ માટે. ખાદ્યપદાર્થો રેપિંગ અથવા પેકેજિંગ માટે અખબારોના ઉપયોગ પર ચિંતા વ્યક્ત કરતા, જી કમલા વર્ધન રાવે આ પ્રથા સાથે સંકળાયેલા નોંધપાત્ર સ્વાસ્થ્ય જોખમોને પ્રકાશિત કર્યા, જેનો હેતુ ગ્રાહકો, ખાદ્ય વિક્રેતાઓ અને અન્ય હિસ્સેદારોને ચેતવણી આપવાનો છે. અખબારોમાં વપરાતી શાહીમાં જાણીતી નકારાત્મક આરોગ્ય અસરો સાથે વિવિધ બાયોએક્ટિવ સામગ્રી હોય છે, જે ખોરાકને દૂષિત કરી શકે છે અને જ્યારે ખાવામાં આવે ત્યારે સ્વાસ્થ્ય સમસ્યાઓ તરફ દોરી જાય છે. વધુમાં, પ્રિન્ટીંગ શાહીઓમાં લીડ અને ભારે ધાતુઓ સહિતના રસાયણો હોઈ શકે છે જે ખોરાકમાં લીચ કરી શકે છે, જે સમય જતાં આરોગ્ય માટે ગંભીર જોખમો પેદા કરે છે. તદુપરાંત, વિતરણ દરમિયાન અખબારો ઘણીવાર વિવિધ પર્યાવરણીય પરિસ્થિતિઓને આધિન હોય છે, જે તેમને બેક્ટેરિયા, વાયરસ અથવા અન્ય પેથોજેન્સ દ્વારા દૂષિત થવા માટે સંવેદનશીલ બનાવે છે જે ખોરાકમાં સ્થાનાંતરિત થઈ શકે છે, સંભવિત રીતે ખોરાકજન્ય બીમારીઓનું કારણ બને છે. FSSAI એ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (પેકેજિંગ) રેગ્યુલેશન્સ, ૨૦૧૮ સૂચિત કર્યા છે જે સ્ટોર કરવા અને વીંટાળવા માટે અખબારો અથવા સમાન સામગ્રીના ઉપયોગ પર સખત પ્રતિબંધ છે. આ નિયમ મુજબ, અખબારોનો ઉપયોગ ખોરાકને લપેટી, ઢાંકવા અથવા સર્વ કરવા માટે થવો જોઈએ નહીં. અખબારોમાં વપરાતી શાહીમાં જાણીતી નકારાત્મક આરોગ્ય અસરો સાથે વિવિધ બાયોએક્ટિવ સામગ્રી હોય છે તળેલા ખોરાકમાંથી વધારાનું તેલ શોષવા માટે તેનો ઉપયોગ કરવો જોઈએ નહીં. ખાદ્ય સુરક્ષાના સર્વોચ્ચ મહત્વ પર ભાર મૂકતા, રાવે તમામ ખાદ્ય વિક્રેતાઓને તેમના ગ્રાહકોની સુખાકારીને પ્રાથમિકતા આપતી જવાબદાર પેકેજિંગ પદ્ધતિઓ અપનાવવા વિનંતી કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખાદ્ય પેકેજિંગ સામગ્રી તરીકે અખબારોના ઉપયોગને નિરાશ કરીને અને સલામત વિકલ્પોને પ્રોત્સાહન આપીને, FSSAI રાષ્ટ્રના ખાદ્ય પુરવઠાની સલામતી સુનિશ્ચિત કરવા માટે તેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે. FSSAI સમગ્ર દેશમાં ગ્રાહકો, ખાદ્ય વિક્રેતાઓ અને હિતધારકોને ફૂડ પેકેજિંગ સામગ્રી તરીકે અખબારનો ઉપયોગ તાત્કાલિક બંધ કરવા વિનંતી કરે છે અને સલામત અને સુખાકારીની ખાતરી કરવા માટે સલામત અને માન્ય ખાદ્ય પેકેજિંગ સામગ્રી તેમજ ફૂડ- ગ્રેડ કન્ટેનર અપનાવવાની ભલામણ કરે છે.

FSSAI રાજ્ય ખાદ્ય સત્તાધિકારીઓ સાથે નજીકથી કામ કરી રહ્યું છે જેથી ખાદ્ય ચીજવસ્તુઓને લપેટીને અથવા પેક કરવા માટે અખબારોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા અને મોટા પ્રમાણમાં લોકોમાં આ અંગે જાગૃતિ ફેલાવવા માટેના નિયમોનું નિરીક્ષણ અને અમલ કરવામાં આવે.

### ચીનની અર્થવ્યવસ્થા મુશ્કેલીઓનો સામનો કરી રહી છે

# ચીનની ભાંગતી અર્થવ્યવસ્થાથી ભારતને લાભ કે નુકશાન

## બે વર્ષમાં પહેલીવાર જુલાઈમાં ચીનના લોકો દ્વારા વપરાતા સામાનની કિંમતમાં ઘણો ઘટાડો જોવા મળ્યો

બેઈજિંગ, તા.૩

ચીનની અર્થવ્યવસ્થા હાલ મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. બે વર્ષમાં પહેલીવાર જુલાઈ મહિનામાં ચીનના લોકો દ્વારા વપરાતા સામાનની કિંમતમાં ઘણો ઘટાડો જોવા મળ્યો હતો. જે એક ચિંતાનો વિષય છે. કારણ કે ચીન એ દુનિયાની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવે છે. અહીની વસ્તી એક અરબ ચાલીસ કરોડ જેટલી છે. ચીનની અર્થવ્યવસ્થામાં વર્તમાન સમયમાં ધીમી ગતિનો વિકાસ દર, બેરોજગારી અને પ્રોપર્ટી બજારમાં ઉથલ-પુથલ જોવા મળે છે.

ચીન હાલ મંદીનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિ ત્યારે આવે જયારે બજારમાં વસ્તુની માંગમાં ઘટાડો થાય અને તેનું ઉત્પાદન જરૂરિયાત કરતા વધુ હોય છે. આ ઉપરાંત ચીનની અર્થવ્યવસ્થાનો મહત્વનો ભાગ ગણાતી એવરગ્રાંડે રીયલ એસ્ટેટ ડેવેલોપરના ચેરમેન હાલ પોલીસ કેદમાં છે. તેમજ તેમની કંપનીના શેરને પણ શેરબજારથી હટાવી દેવામાં આવ્યા છે જેની પણ ચીનના અર્થતંત્ર પર માઠી અસર પડી છે.

આ મુદ્દો ચીન માટે મોટી સમસ્યા બની ગયો છે. તેમજ આની અસર માત્ર ચીન સુધી જ સીમિત નથી પરંતુ વૈશ્વિક બજારમાં તેની અસર પડી શકે છે. વિશ્લેષકોના મત અનુસાર આ મંદીની સીધી અસર મલ્ટીનેશનલ કંપની, તેના કર્મચારી અને ત્યાં કામ કરતા સામાન્ય લોકો પર કઈ રીતે પડશે તે બાબત આ કંપની ચીન સાથે કઈ રીતે જોડાયેલી છે બાબતથી નક્કી થશે.

કોવીડ બાદ આ વર્ષે ચીનની જીડીપી પાછળના ત્રણ મહિનામાં ૦.૮ ટકા જ વધી છે. તેમજ તેની અંદાજીત વાર્ષિક વૃદ્ધિ ૩ ટકા જ છે જે પાછલા ત્રણ દશકમાં સૌથી વધુ નબળી જણાય છે. ચીનના અર્થશાસ્ત્રીઓને આશા હતી કે કોવીડ પછી લોકો વધુ નાણા ખર્ચ કરશે તેમજ ખાનગી કંપનીઓમાં પણ રોકાણ કરશે જેથી ચીનની અર્થવ્યવસ્થામાં સુધારો થાય જેના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં પણ સુધારો થઈ શકે. જોકે ચીનની અર્થવ્યવસ્થામાં ખુબ ઝડપી સુધાર જોવા મળ્યા હતા. એવામાં સ્થાનિક પ્રવાસન, રિટેલ અને નિકાસમાં વૃદ્ધિ જોવા મળી હતી. પરંતુ આ બધું લાંબુ ચાલ્યું નહિ. ત્રણ મહિનાના અંત સુધીમાં જ આર્થિક વિશ્લેષકો દ્વારા કંઈક અલગ જ જાણકારી આપવામાં આવી. ૮ ઓગસ્ટના આંકડાઓ પરથી જાણવા મળ્યું કે દેશની નિકાસમાં ત્રણ વર્ષમાં જ ઘણો ઘટાડો જોવા મળ્યો છે. જેમાં ચીનની નિકાસ ૨૦૨૧માં ઈ૩૪૦બિલિયનહતી જે ઘટીને ૨૦૨૩માં ૨૮૪ બિલિયન ડોલર થઇ હતી. જુલાઈ મહિનાના નિકાસના આંકડા મુજબ ગયા વર્ષની સરખામણીમાં ૧૪.૫ ટકા ઓછા નોંધવામાં આવ્યા હતા.

ઓછી સ્થાનિક માંગના સંકેતો વચ્ચે આયાત પણ એક વર્ષ અગાઉની સરખામણીએ ૧૨.૪% ઘટીને ૨૦૧.૨ બિલિયન ડોલર થઈ હતી. આ પછી, દેશનો વૈશ્વિક વેપાર એક વર્ષ અગાઉના રેકોર્ડ પહેલા કરતા ૨૦.૪% ઘટીને ૮૦.૬ અબજ ડોલર થયો છે. આ પછી કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેકસ (સીપીઆઈ)ના આંકડા બહાર આવ્યા. જેમાં ચીનની અર્થવ્યવસ્થા છેલ્લા કેટલાક વર્ષોમાં સૌથી નીચી સપાટીએ જોવા મળી હતી.

દુનિયાની ઘણી મોટી કંપનીઓનો વેપાર ચીનથી ચાલે છે. એપલ, બરબેરી, વોક્સવેગનજેવી ઘણી કંપનીઓ કાચો માલ ચીન પાસેથી લે છે. કહેવામાં આવે છે કે દુનિયાભરના એક તૃતીયાંશથી વધુ વિકાસ પાછળ ચીનની ઈકોનોમી છે. એવામાં જો ચીનમાં મંદીની અસર વર્તાય તો સમગ્રવિશ્વમાંઆ મંદીની અસર જોવા મળી શકે છે. અમેરિકાની ક્રેડીટ રેટિંગ એજન્સી ફિચ દ્વારા એવું કહેવામા આવ્યું હતું કે ચીનની મંદીની વૈશ્વિક વિકાસ પર અસર જોવા મળી શકે છે. તેમજ અમુક દિવસો બાદ એજન્સીએ આ મંદીથી આવતી અસરને ઓછી પણ બતાવી હતી.

આ ઉપરાંત અમુક અર્થશાસ્ત્રી એવું પણ માને છે કે ચીનની મંદીની અસર પૂરી દુનિયા પર પડશે એ વાત પાયાવિહોણી છે. અહેવાલ મુજબ, છેલ્લા એક દાયકામાં ચીને વિશ્વના ૪૧% ઉપભોક્તા માલની નિકાસ કરી હતી, જે યુએસના ૨૨ ટકા યોગદાન કરતાં લગભગ બમણી છે અને યુરો ઝોનના ૯% યોગદાન કરતાં ઘણી વધુ છે. આનો અર્થ એ છે કે ચીને વૈશ્વિક અર્થતંત્રના ૨.૬ ટકા વાસ્તવિક વૃદ્ધિ દરના ૧.૧ ટકા માલનું ઉત્પાદન કર્યું છે. વૈશ્વિક વૃદ્ધિમાં ચીનનો આટલો મોટો હિસ્સો છે કારણ કે તેની અર્થવ્યવસ્થા દર વર્ષે લગભગ ૮-૯ ટકાના દરે વધી રહી હતી. હવે જયારે તેનો વિકાસ દર અડધો થઈ ગયો છે, ત્યારે તેનું યોગદાન પણ અડધું થઈને લગભગ ૦.૫ પોઈન્ટ્સ થઈ જશે. ગયા વર્ષે ચીને પણ બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટમાં જંગી રોકાણ કર્યુંહતું. જે એક ટ્રિલિયન ડોલરથી વધુ છે. આવી સ્થિતિમાં ચીને ૧૫૦ થી વધુ દેશોને રોડ, સીપોર્ટ અને પુલ બનાવવા માટે ટેક્નિકલ મદદ કરી છે. જો ચીનમાં મંદીની સમસ્યા ચાલુ રહેશે તો તેની સીધી અસર ચાલી રહેલા પ્રોજેક્ટ પર પણ પડી શકે છે. ગયા ૨૬ વર્ષોમાં ભારત અને ચીન વચ્ચે આયાત અને નિકાસમાં ખુબ વધારો થયો છે. ચીનથી થતી આયાત દર વર્ષે ૧૯.૫ ટકા વધી છે જયારે નિકાસ ૧૬.૬ ટકા જેટલી વધતી જોવા મળી છે. ૨૦૨૧ માં, ભારતે ચીનમાંથી ૯૪.૧ બિલિયન ડોલરની આયાત કરી હતી, જ્યારે ચીનમાં ભારતની નિકાસ ૨૩.૧ બિલિયન ડોલર રહી હતી. ૧૯૯૫માં ચીનમાંથી ભારતની આયાત ૯૧૪ મિલિયન ડોલર હતી જ્યારે ચીનમાં નિકાસ ૪૨૪ મિલિયન ડોલર હતી. ૨૦૨૩ સુધીમાં, બંને દેશો વચ્ચે આયાત-નિકાસમાં ઘટાડો થયો હતો. મે ૨૦૨૩ સુધીમાં, જ્યારે ભારતે ચીન પાસેથી ઈ૯.૫ બિલિયનની આયાત કરી હતી, ત્યારે નિકાસ ઈ૧.૫૮ બિલિયન રહી હતી. પરંતુ વર્ષ ૨૦૨૨ના આંકડા ચોંકાવનારા હતા. આ વર્ષે પ્રથમ વખત બંને દેશો વચ્ચે ૧૩૬ અબજ ડોલરનો વેપાર થયો હતો. આ તે સમય હતો જયારે તેમના સંબંધો સારા નહોતા ચાલી રહ્યા અને વેપારનો આંકડો ૧૦૦ અબજ ડોલરને પાર કરી ગયો હતો. આવી સ્થિતિમાં, બંને દેશો વચ્ચેના વેપાર સંબંધો સૂચવે છે કે જો ચીનની અર્થવ્યવસ્થાને અસર થશે તો તેની અસર ભારત પર પણ જોવા મળશે.

અન્ય દેશોની વાત કરીએ તો ચીન એવી ઘણી વસ્તુઓ બનાવે છે જેની તે અન્ય દેશોમાં પણ નિકાસ કરે છે. આવી સ્થિતિમાં જો ચીની માર્કેટમાં વસ્તુઓ નીચી કિંમતે વેચવામાં આવશે તો તેનાથી અન્ય દેશોમાં નિકાસ પર અસર પડશે અને અન્ય દેશોને પણ તે વસ્તુઓ ઓછી કિંમતે મળશે.

જો કે તેની સ્પષ્ટ અસર અન્ય દેશો પર પણ જોવા મળશે. જ્યાં ચીનમાંથી સસ્તો માલ ખરીદવાથી તે માલનું અન્ય દેશોમાં ઉત્પાદન ઘટશે અને તે દેશમાં બેરોજગારી વધશે. હવે જોવાનું એ રહે છે કે ચીનનું ભાવિ કેવું રહેશે. તેની અસર વૈશ્વિક બજારમાં જોવા મળી શકે છે. વળી, ચીનની આર્થિક સ્થિતિ ભારતને અસર કરે છે કે નહીં? હવે એ જોવાનું રહ્યું.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

પ્રાણીમાત્રની સેવા કરવી એજ સાચી ઈશ્વરીય પૂજા છે.

- ગાંધીજી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા વદ-૫ પાંચમનું શ્રાધ્ધ, કૃતિકા શ્રાધ્ધ, મુ. ઈદેમિલાદ તા.૩ ઓક્ટોબર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૧૭, કૃતિકા નક્ષત્ર, વજ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૪૪, સૂ.અ.૬:૩૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.
વૃષભ : જીવનસાથીનો સહકાર મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું.
મિથુન : પડવા-વાગવાથી સંભાળવું. ગુપ્ત ચિંતા રહે.
કર્ક : પ્રવાસ-પર્યટનનું આયોજન થાય. ભાઈ-બહેનનો સહકાર મળે.
સિંહ : લાભની તક સાંપડે. નવિન કામગીરીની પ્રગતિ થાય.
કન્યા : પ્રિયજનથી મુલાકાત સફળ રહે. રચનાત્મક કાર્યમાં મન પરોવાય.
તુલા : યશ, માન, કીર્તિમાં વધારો થાય. જોઈને છેતરાવવાનો પ્રસંગ બને.
વૃશ્ચિક : જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. સ્નેહિજનોથી વિશેષ સ્નેહ રહે.
ધન : ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.
મકર : નવિન શુભ સમાચાર મળે. ઉત્સાહમાં વધારો થાય.
કુંભ : સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મનમાં આનંદનો અનુભવ થાય.
મીન : કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે.

# તમામ રાજ્યોએ જીએસટી કાયદામાં સુધારો કરવો પડશે : CBIC

નવીદિલ્હી,તા.૦૩

ઓનલાઈન ગેમિંગ હવે ભારતમાં મોંઘુ થઈ જશે, કારણ કે ૧ ઓક્ટોબરથી ઓનલાઈન ગેમિંગ પર ૨૮% ગુડ્સ એન્ડ સર્વિસ ટેકસ (GST ) લાગવાનું શરૂ થઈ જશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC)ના અધ્યક્ષ સંજય અગ્રવાલે કહ્યું છે કે આ માટેની પ્રક્રિયાના ભાગરૂપે ગેમિંગ કંપનીઓને કાનૂની નોટિસ મોકલવામાં આવી છે. અગ્રવાલે કહ્યું છે કે તમામ રાજ્યોની વિધાનસભાઓએ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં GST સુધારા બિલ ૨૦૨૩ પસાર કરવાની જરૂર છે અથવા વટહુકમ લાવીને તેને ૧ ઓક્ટોબરથી લાગુ કરવાની જરૂર છે. જુલાઈમાં ય્જી્ કાઉન્સિલે ઓનલાઈન ગેમિંગ, હોર્સ રેસિંગ અને કેસિનો પર ૨૮% GST લાદવાની જાહેરાત કરી હતી. ૨ ઓગસ્ટના રોજ ૫૧મી બેઠકમાં આખરી નિર્ણય લેવામાં આવ્યો હતો કે આના પર જીએસટીના દરો વધારવામાં આવશે.. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સના ચેરમેન સંજય અગ્રવાલે જણાવ્યું હતું કે, અમે તમામ રાજ્યોની સંમતિથી ૧ ઓક્ટોબરથી ઓનલાઈન ગેમિંગ પર ૨૮ ટકા GST દર લાગુ કરવા માટે તૈયાર છીએ. ઓનલાઈન ગેમિંગ પર જીએસટી રેટ અંગેનો કાયદો રાજ્યની એસેમ્બલીઓએ પસાર કરવો પડશે. "કેટલીક ઓનલાઇન ગેમિંગ કંપનીઓને કારણ બતાવો નોટિસ એ કાનૂની પ્રક્રિયા છે." લોકસભાએ બે GST કાયદાઓમાં અવાજ મત દ્વારા સુધારા પસાર કર્યાના લગભગ બે મહિના પછી આ જાહેરાત કરવામાં આવી છે. આ સુધારાઓ કેસિનો, હોર્સ રેસિંગ અને ઓનલાઈન ગેમિંગના પુરવઠા પર કરવેરા અંગે સ્પષ્ટતા પૂરી પાડવા માટે CGST અધિનિયમ, ૨૦૧૭ની ત્રીજી અનુસૂચિમાં જોગવાઈઓના સમાવેશ સાથે સંબંધિત છે.. બીજી બાજુ, GST_ એક્ટમાં સુધારો ઓફશોર એન્ટિટી દ્વારા પૂરી પાડવામાં આવેલ ઓનલાઈન મની ગેમિંગ પર GST જવાબદારી લાદવાની જોગવાઈ દાખલ કરવા સંબંધિત છે. પૂછવામાં આવ્યું કે શું પગલામાં વિલંબ થઈ શકે છે કારણ કે તમામ રાજ્યોએ જરૂરી સુધારાઓ પસાર કર્યા નથી, સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC) ના ચેરમેન સંજય કુમાર અગ્રવાલે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. ઓનલાઈન ગેમિંગ કંપનીઓને તાજેતરમાં મોકલવામાં આવેલી કારણ બતાવો નોટિસ અંગે તેમણે કહ્યું કે આ કાયદાકીય જોગવાઈઓ અનુસાર મોકલવામાં આવી રહી છે. તેમણે ટેક્સની રકમ પર કોઈ નંબર આપવાનો ઈનકાર કર્યો હતો જેના માટે કંપનીઓને નોટિસ મોકલવામાં આવી શકે છે, જે કેટલાક અંદાજો અનુસાર આશરે રૂ. ૧ લાખ કરોડ છે.. ઓનલાઈન ગેમિંગ, કેસિનો અને હોર્સ રેસિંગ માટે GST ની જોગવાઈઓમાં સૂચિત ફેરફારો માટે તમામ રાજ્યોએ હજુ પણ તેમની સંબંધિત વિધાનસભાઓમાં જરૂરી કાયદાકીય સુધારા અથવા વટહુકમ પસાર કરવાના બાકી છે.

### યુનાઈટેડ એજ્યુ. એન્ડ વેલફેર સોસાયટી જૂનાગઢ દ્વારા તેજસ્વી મુસ્લિમ તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

# જે જ્ઞાન પ્રાપ્ત કરે છે તે અંધકારમાંથી પ્રકાશમાં આવી જાય છે, પરંતુ ચારિત્ર્ય વગરનું જ્ઞાન પણ અર્થહીન : ડો. શેહનાઝ બાબી

## માતા-પિતા બાળકોને સમય નહીં આપે તો ગંભીર પરિણામ આવી શકે છે : અકીલાબેન




જૂનાગઢ તા.૩

જૂનાગઢ શહેરની પ્રખ્યાત સામાજિક અને શૈક્ષણિક સંસ્થા યુનાઈટેડ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી જૂનાગઢ દ્વારા રવિવારે ૨૧મો મુસ્લિમ તેજસ્વી તારલાસન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના ઉદ્‌ઘાટક અને શિક્ષણવિદ ડોક્ટર શેહનાઝ બાબીએ તેમના મનનીય સંબોધનમાં એવું જણાવ્યું હતું કે જે જ્ઞાન પ્રાપ્ત કરે છે તે અંધારામાંથી પ્રકાશમાં આવી જાય છે. શિક્ષણ માનવીનું ઘડતર કરે છે. શિક્ષણ વ્યક્તિને જીંદગી જીવવાની તાકાત આપે છે. ડો.શેહનાજ બાબીએ ખૂબ જ સમજદારીથી જિંદગી જીવવા અનુરોધ કરતા જણાવ્યું હતું કે કુર્આનમાં સત્કાર્યો ઉપર ખૂબ જ ભાર આપવામાં આવ્યો છે. સત્કાર્યો આવે તો શિક્ષણથી કોઈ ફાયદો હશે નહીં. તેમણે ઉમેર્યું કે તેમના જીવનકાળ દરમ્યાન તેમણે ૧.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું છે પરંતુ તેમણે ક્યારેય કોઈ વિદ્યાર્થીને થપ્પડ મારી નથી. પુત્ર-પુત્રી વચ્ચે ભેદભાવ નહીં કરવા અને બધાને સમાન તક આપવા ખાસ જણાવ્યું હતું તેમણે કહ્યું કે એવું ક્યારેય ન વિચારતા કે આપણું શું થશે ? જો ઈશ્વર ઉપર ભરોસો હોય અને પોતાની જાત ઉપર વિશ્વાસ હોય તો સફળતા અવશ્ય મળે છે. તમે ગમે તેટલા ઊંચા દરજ્જા ઉપર પહોંચી જાઓ પરંતુ સમગ્ર માનવ જાતિ અને તમારા સમાજ અને લોકો તરફ તમારૂં ઉત્તમ દાયિત્વ અને ધ્યાન હોવું જોઈએ. જે વસ્તુ તમે તમારા સમાજને આપી શકો તે આપો તેવું તેમણે જણાવ્યું હતું તેમણે મહિલા સશક્તિકરણની સરાહના કરી હતી. આ કાર્યક્રમના પ્રમુખ સ્થાનેથી બોલતા જૂનાગઢના મેયર શ્રીમતી ગીતાબેન પરમારે કહ્યું કે આ પ્રકારના શૈક્ષણિક અને સામાજિક જાગૃતિના કાર્યક્રમો થવા જોઈએ. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળવું જોઈએ. આ સંસ્થા દ્વારા મહિલાઓને સ્ટેજ ઉપર સ્થાન આપીને એક સારી પરંપરા સર્જી છે જે ગર્વ કરવાની બાબત છે. જ્યારે પૂર્વ ડેપ્યુટી મેયર અને કોર્પોરેટર આદ્યશક્તિબેન મજમુદાર કહ્યું કે શિક્ષણ જીવનનો પાયો છે. આપણે સક્ષમ બનીએ તે માટેનું પ્રથમ પગથિયું શિક્ષણ છે. શિક્ષણ તમને બતાવે છે કે તમે શું છો અને શું કામ કરી શકો છો. જ્યારે આ કાર્યક્રમમાં માંગરોળથી ખાસ પધારેલા શાહી કુટુંબના સભ્ય અને અગ્રણી શિક્ષણવિદ અકીલાબેન શેખે કહ્યું કે બાળકોની સફળતા પાછળ તેમના માતા-પિતા અને શિક્ષકોનો મુખ્ય ફાળો હોય છે. ડો.અકીલાબેન શેખે તેમના વક્તવ્યમાં ચારિત્ર્ય ઉપર ખાસ ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે શ્રેષ્ઠ ચારિત્ર્ય શિક્ષણની વ્યાખ્યા છે. સંસ્કાર વગરની ડિગ્રી કોઈ કામની નથી તેમણે વર્તમાન સમયમાં માતાપિતાને ખાસ એ સલાહ આપી કે તેઓ બાળકોને પૂરતો સમય આપે. જો બાળકોને માતા-પિતા સમય નહિ આપે તેના ગંભીર પરિણામ આવી શકે છે કારણ કે ચારિત્ર ઘડતરમાં માતા-પિતાનો, શિક્ષકનો ખૂબ જ મુખ્ય ફાળો હોય છે સમગ્ર વિશ્વ સંસ્કાર ઉપર ચાલે છે તેથી બાળકોને સમય અને સંસ્કાર બંને વસ્તુ આપો. જો બાળકોને તમે સારા સંસ્કાર આપશો તો તમે કાયમ માટે જીવંત રહેશે. પોતાના સંતાનોને કયારેય દુઆથી વંચિત કરશો નહીં. કારણ કે દુઆથી મોટી દોલત કોઈ નથી. તેમ તેમણે જણાવ્યું હતું. યુનાઈટેડ એજ્યુકેશન સોસાયટી આ કાર્યક્રમમાં ૩૦૦થી વધુ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં જેમાં સીએ, સીએસ, એમબીબીએસથી લઈ ધો. ૮ સુધીના તેજસ્વી તારલાઓનો સમાવેશ થતો હતો. તેજસ્વી તારલાઓનું સન્માન મહિલા અગ્રણીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં ગીતાબેન પરમાર, શેહનાઝબેન બાબી, અકીલાબેન શેખ, આદ્યશક્તિબેન મજમુદાર, ડો. સીમાબેન પીપલીયા, ડો.નાજીમાબેન કાજી, ડો.સકીના તબસ્સુમ પરમાર, સેનીલાબેન થઈમ, રસીદાબેન હીરાની, આશાબેન ગાંધી, સાજીયાબેન ચૌહાણ, ડો. અફઝલનાજ મોદી, હીનાબેન સીડા, તન્વીરબેન સૈયદ, નીરજાબેન દોલકિયા, ડોક્ટર નીતિબેન ગઢવી, ડો. દાયહલીમાં જૂનજૂનીયા, ઈનશીયાબેન માકડા, ડોક્ટર નબીલા સેરસિયા, નફીસાબેન ચૌહાણ, સેનીલાબેન મુનશી, નબિલાબેન મુનશી વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે આભાર વિધિ યુનાઈટેડ એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટના પ્રમુખ ઈકબાલભાઈ મારફતિયાએ કરી હતી અને ઉપસ્થિત તમામનો આભાર માન્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે સફીભાઈ દલાલ, અશફાકભાઈ મારફતિયા, અસીમ મારફતિયા, વગેરેએ ભારે જેહમત ઉઠાવી હતી. શિક્ષણલક્ષી અને મહિલા સશક્તિકરણના આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામનો ઉત્સાહ વધારવા માટે મહાસાગર ટ્રાવેલ્સ એમડી કાળુભાઈ સુખવાણી, અશરફભાઈ થઈમ, ઈસ્માઈલભાઈ દલ, જેનુદીનભાઈ ભગત, ઈકબાલભાઈ ગરાણા તેમજ વિવિધ ક્ષેત્રના આગેવાનો ઓડિયન્સમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન હંમેશની જેમ ડો.હારૂનભાઈ વિહળે કર્યું હતું. ડો. હારૂનભાઈએ અનેક રસપ્રદ કિસ્સાઓથી ઉપસ્થિત વિદ્યાર્થીગણનો મોટીવેટ કર્યા હતા.

## કેન્દ્રમાં ભાજપ સરકાર હોવા છતાં ગુજરાતને નાણાં ફાળવણીમાં ઠેંગો કેમ ? સંસદમાં રજૂ થયેલ સ્વચ્છ ભારત મિશનના આંકડાઓએ વાસ્તવિકતા ખુલ્લી પાડી દીધી છે

અમદાવાદ, તા.૩

‘સ્વચ્છ ભારત મિશન’ના નામે નીતનવા ગતકડા કરી માત્ર ફોટો સેશન કરતી ભાજપ સરકારની કથની અને કરણી ઉપર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેન્કરે જણાવ્યું હતું કે, ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમની શરૂઆત ભારત સરકાર દ્વારા પ્રથમ પંચવર્ષીય યોજના દરમ્યાન વર્ષ ૧૯૫૪માં થઈ હતી. ગુજરાતીમાં એક કહેવત છે ‘સ્વચ્છતા ત્યાં પ્રભુતા’ ગંદકી ત્યાં માંદગી’ પરતું ભાજપ સરકારના રાજમાં ઠેર-ઠેર ગંદકી, કચરાના ઢગ જોવા મળે છે. મહાત્મા ગાંધીજી અને ‘સ્વચ્છતા’ના નામે પોતાની રાજનીતિ ચમકાવવા નીકળેલી ભાજપની નિયત મેલી છે. સંસદમાં રજૂ થયેલ સ્વચ્છ ભારત મિશનના આંકડાઓએ જ ભાજપ સરકારની પોલ ખોલી નાંખી. ‘સ્વચ્છ ભારત મિશન’ અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ સુધીમાં ફાળવવામાં આવેલ ૧૮૪૫.૯૮ કરોડ રુપિયામાંથી ૫૯૮.૮ કરોડ રૂપિયા જેટલી અધધ રકમ વણવાપરેલા પડી રહી. માત્ર બે વર્ષમાં ૬૭૯ કરોડ જેટલી માતબર રકમ વણવપરાયેલી પડી રહી. શહેરી વિસ્તારમાં વર્ષ ૨૦૧૯થી ૨૦૨૩ સુધીમાં સ્વચ્છ ભારત મિશન અને સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત ફાળવેલ કુલ ૨૭૫૩.૦૫ કરોડ રુપિયામાંથી માત્ર ૯૫.૪૬ કરોડનું ફંડ રિલીઝ કરવામાં આવ્યું. વર્ષ ૨૦૧૯, ૨૦૨૧, ૨૦૨૨ એમ ત્રણ વર્ષમાં એકપણ રૂપિયો સ્વચ્છતા અભિયાન માટે ફળવાયો નહીં. ગ્રામ વિસ્તારો કરતા શહેરી વિસ્તારોમાં વસ્તી ગીચતાને કારણે સ્વચ્છતાની વધુ જરૂ પડે તેમ છતાં શહેરી વિસ્તારના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત બજેટમાં ફાળવેલ ૨૭૫૩.૦૫ કરોડમાંથી ૨૫.૩૧ કરોડ એટલે કે એક ટકાથી પણ ઓછી રકમ ખર્ચ કરવામાં આવી. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૩ સુધીમાં દેશમાં ‘સ્વચ્છ ભારત મિશન’માં ફાળવેલ રૂપિયામાંથી ૭૫,૪૭૯.૯૮ કરોડ જેટલા અધધ રૂપિયા ખર્ચાયા જ નહીં. આ જ દર્શાવે છે કે, ‘સ્વચ્છતા’ના નામે પોતાની રાજનીતિ ચમકાવવા નીકળેલી ભાજપ સરકારની કથની અને કરણી કેટલી જુદી છે.

સ્વચ્છતા એ જીવન શૈલી છે. સતત પ્રક્રિયા છે. એક દિવસ પૂરતું નહીં પરતું જેમને પોતાનું આખું જીવન સ્વચ્છતા માટે હોમી દીધું એવા ‘સ્વચ્છતાના પ્રણેતા’-સફાઈ કર્મચારીઓ માટે આજે પણ સુવિધા અને સુરક્ષા આપવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે. સફાઈ કર્મચારીની પરિસ્થતિ દયનીય છે, ત્રણ દાયકામાં માથે મેલું અને ગટર- સેપ્ટિક ટેંક સાફમાં સફાઈ કર્મચારીના મોતમાં સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે આવે છે. ગટર, સેપ્ટિક ટેંક સાફ, માથે મેલું ઉપાડવા જેવી અમાનવીય અને અપમાનજનક પ્રથા છે જે હજુ પણ મહાત્મા ગાંધીના ગુજરાતના વિવિધ ભાગોમાં એક યા બીજી રીતે ચાલુ છે.

રાજ્યમાં ઠેર-ઠેર અને ગંદકી અને કચરાના ઢગ જોવા મળે છે. શહેરો-ગામો તો સાફ ન થયા પરતું સરકારની ‘તિજોરી સાફ’ થઈ ગઈ છે. સફાઈ કર્મીઓની કાયમી ભરતી ન થાય છે તેમજ પૂરતું વેતન પણ ન મળે છે. મોસાળે મા પીરસનારી હોય તેમ કેન્દ્રમાં ભાજપ સરકાર હોવા છતાં ગુજરાતને નાણાં ફાળવણીમાં ઠેંગો કેમ? સ્વચ્છતા સેઝના નામે ૧૩૫ કરોડ જનતાના ખિસ્સામાંથી લૂંટી લેતી ભાજપ સરકાર સત્યના પૂજારી ગાંધીજીના જન્મદિવસે સાચું બોલે કે સ્વચ્છતાના નામે ઉઘરાવેલા કરોડો રૂપિયા કયા ગયા ?

કરોડો રૂપિયા ફાળવવાની ગુલબાંગો કરતી ભાજપ સરકાર ઉપર સ્વચ્છ ભારત મિશનના કરોડો કેમ વણવપરાયેલા રહ્યા ? આધુનિક સાધન સામગ્રીની ખરીદી અને સ્વચ્છતા મિશનમાં થતી ગોલમાલોની તપાસ કરવામાં આવે, મોટી- મોટી જાહેરાતોને બદલે સફાઈ કર્મચારીને કાયમી કરી, પૂરતું વેતન ચૂકવવામાં આવે અને સ્વચ્છ ભારત મિશનમાં નાણાં ફાળવણીમાં ગુજરાતને અન્યાય બંધ કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

## સરકારે CBDTના ચેરમેન નીતિન ગુપ્તાનો કાર્યકાળ ૯ મહિના માટે વધાર્યો

નવી દિલ્હી તા.૩

કેન્દ્ર સરકારે સીબીડીટી અધ્યક્ષ નીતિન્‌ ગુપ્તાને તેમની નિર્ધારીત સંવાનિવૃત્તિના દિવસ ૩૦ સપ્ટેમ્બરે કોન્ટ્રાકટ આધારે સેવામાં નવ મહિનાનો વિસ્તાર કર્યો. ઈન્કમટેક્ષ વિભાગના ૧૯૮૬ બેચના ભારતીય રાજસ્વ સેવા અધિકારી ગુપ્તા (૬૦)નો પાછલા વર્ષ જુનમાં કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ પ્રમુખ નિમણૂક કરવામાં આવ્યા હતા. તે ૩૦ સપ્ટેમ્બરે સેવાનિવૃત થવાના હતા. સરકારી આદેશમાં જણાવવામાં આવ્યું છે કે કેબિનેટની નિમણૂક સમિતિએ ૧- ૧૦-૨૦૨૩થી ૩૦-૬-૨૦૨૪ સુધી અથવા આગામી આદેશ સુધી કોન્ટ્રાકટ આધારે ગુપ્તાનો સીબીડીટી અધ્યક્ષ તરીકે ફરીથી નિમણૂક કરવાની પરવાનગી આપી દીધી છે. જે પણ પહેલા થાય, પુર્નઃ નિયુકત કેન્દ્ર સરકારના અધિકારીઓ ઉપર લાગુ સામાન્ય નિયમો અને શરતો ઉપર ભરતી નિયમોમાં છુટ આપવામાં આવશે. સીબીડીટી ઈન્કમટેક્ષ વિભાગ માટે ટોચના નીતિ નિર્ધારીત એકમ છે. તેના એક અધ્યક્ષ હોય છે અને તેમાં છ સભ્ય હોય શકે છે. જે વિશેષ સચિવ સ્તરના હોય છે.

## CNGના ભાવમાં ફરી એકવાર વધારો ઝીંકાયો : નવો ભાવ રૂા.૭૬.૫૯ થયા

- છેલ્લા ચાર માસમાં સતત ભાવ વધારાના પગલે શહેરમાં CNGના ભાવમાં રૂા.૨.૩૦નો વધારો થયો
- CNGના ભાવોમાં થઈ રહેલા સતત વધારાના પગલે રિક્ષાચાલકોની હાલત કફોડી બની

અમદાવાદ, તા.૩

અદાણી દ્વારા CNGના ભાવમાં ૧ ઓકટોબરના રોજ ફરી એકવાર વધારો ઝીંક્યો છે. CNGના ભાવમાં ૧૫ પૈસાનો વધારો કરવામાં આવ્યા બાદ અમદાવાદમાં CNGનો નવો ભાવ રૂા.૭૬.૫૯ જેટલો થયો છે. છેલ્લા ચાર માસથી CNGના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેના લીધે ભાવમાં રૂા. ૨.૩૦ જેટલો વધારો થયો હોવાનું જાણવા મળે છે. આમ, સતત થઈ રહેલા ભાવ વધારાના પગલે રિક્ષા ચાલકોની સ્થિતિ કફોડી બની છે અને તેઓ જીએસટીમાં CNGને સમાવવાની માગણી કરી રહ્યા છે. અદાણી ગેસે CNGના ભાવમાં ૫ જૂનના રોજ ધારો કરવામાં આવ્યો હતો. ૫ જૂનના રોજ CNGના ભાવમાં ૮૦ પૈસાનો વધારો કરાયો હતો. આ ભાવ વધારો કરવામાં આવ્યા બાદ સતત ભાવ વધારો કરવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળે છે. ૫ જૂનના રોજ થયેલા ભાવ વધારા બાદ જુલાઈમાં પણ ભાવ વધારો થયો હતો. જુલાઈના અંત સુધીમાં ભાવ વધારો થયા બાદ CNGના ભાવ રૂા. ૭૫.૮૪ થયા હતા. જુલાઈમાં થયેલા વધારા બાદ સતત ૧૫ દિવસ સુધી કોઈ ભાવ વધારો થયો ન હતો. ત્યારબાદ ૧ ઓગસ્ટે ફરી CNGના ભાવમાં ૧૫ પૈસાનો વધારો કરતા ભાવ રૂા. ૭૫.૯૯ થયા હતા. સપ્ટેમ્બરમની શરૂઆતમાં ભાવ વધારો થયા બાદ ફરી ૧૬ તારીખે ૧૫ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો અને હવે ૧ ઓક્ટોબરના રોજ ફરી ૧૫ પૈસાનો વધારો કરાયો છે. આ ભાવ વધારા સાથે અમદાવાદમાં CNGનો ભાવ રૂા. ૭૬.૫૯પર પહોંચી ગયો છે. રિક્ષા ચાલકો દ્વારા CNGની સાથે પેટ્રોલ અને ડીઝલને પણ જીસએસટીમાં સમાવવામાં આવે તેવી માગણી કરી છે.

## આંકાક્ષી જિલ્લા કાર્યક્રમે ૧૧૨ જિલ્લામાં ૨૫ કરોડ લોકોનું જીવન બદલી નાખ્યું : PM મોદી



નવી દિલ્હી તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આંકાક્ષી જિલ્લા કાર્યક્રમે દેશના ૧૧૨ જિલ્લામાં ૨૫ કરોડથી વધુ લોકોનું જીવલ્‌ બદલી નાખ્યું છે અને તેની સફળતા હવે આકાંક્ષી બ્લોક કાર્યક્રમનો આધાર બનશે. વડાપ્રધાન મોદી નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે આંકાક્ષી બ્લોક માટે સપ્તાહ ભર ચાલનારા વિશેષ કાર્યક્રમ સંકલ્પ સપ્તાહની શરૂઆત કરતાં બોલી રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના ભારત મંડપમ ખાતે દેશના મહત્વાકાંક્ષી બ્લોક્સ માટે એક સપ્તાહ સુધી ચાલનારા કાર્યક્રમ “સંકલ્પ સપ્તાહ”નું ઉદ્‌ઘાટન કર્યું. તેનો ઉદ્દેશ્ય નાગરિકોના જીવનની ગુણવત્તાને વધારવા માટે જિલ્લા અને તાલુકા સ્તરે વહીવટમાં સુધારો કરવાનો છે. દેશના ૩૨૯ જિલ્લાના ૫૦૦ આકાંક્ષી બ્લોકમાં તેનો અમલ કરવામાં આવી રહ્યો છે. “સંકલ્પ સપ્તાહ” કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યા બાદ પોતાના સંબોધનમાં પીએમ મોદીએ શિક્ષણ, વહીવટી સુધારા, વિકાસ જેવા મહત્વના મુદ્દાઓ ઉપર ભાર મૂક્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ‘સંકલ્પ સપ્તાહ’ કાર્યક્રમ દરમ્યાન પોતાના સંબોધનમાં કહ્યું કે આકાંક્ષી બ્લોક કાર્યક્રમમાં બ્લોક પંચાયતોની મોટી ભૂમિકા છે. જ્યારે દરેક ગ્રામ પંચાયત ઝડપથી કામ કરશે ત્યારે જ દરેક બ્લોકનો વિકાસ ઝડપથી થશે. આ મિશન સાથે જોડાયેલા તમામ લોકોને હું અભિનંદન પાઠવું છું અને આભાર માનું છું. જે લોકો અહીં આવ્યા છે (ભારત મંડપમ) તે લોકો દેશના દૂરના ગામડાઓની ચિંતા કરનારા લોકો છે. છેવાડાના પરિવારની ચિંતા કરનારા લોકો છે. તેમના કલ્યાણ માટે યોજનાઓને આગળ ધપાવનારા લોકો છે અને આ મહિને એવા લોકો પણ અહીં બેઠા હતા જે દુનિયાને દિશા આપવાનું કામ કરતા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં વધુમાં કહ્યું કે આપણે એ વિચારમાંથી બહાર આવવું પડશે કે સરકાર જ બધું કરશે, સમાજની શક્તિ સૌથી મોટી શકિત હોય છે. મારા અનુભવ મુજબ, સમાજને એક કરવાની શક્તિ હોય તે બ્લોક અથવા જિલ્લાઓમાં પરિણામો ઝડપથી પ્રાપ્ત થાય છે. આ જ કારણ છે કે આજે સ્વચ્છતા અભિયાને પોતાનું સ્થાન બનાવ્યું છે અને ગંદકી ન કરવી જોઈએ એવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે. શહેરો અને ગામડાઓના વિકાસ અંગે પીએમ મોદીએ કહ્યું કે આપણે ૨૦૪૭માં દેશને વિકસિત ભારત તરીકે જોવા માંગીએ છીએ. પરંતુ વિકસિત દેશ હોવાનો મતલબ એવો નથી કે દિલ્હી, મુંબઈ, ચેન્નાઈનો મહિમા થાય અને આપણા ગામડાં પાછળ રહી જાય. અમે આવા મોડલને અનુસરતા નથી. અમે ૧૪૦ કરોડ લોકોના ભાગ્યની જવાબદારી લેવા અને તેમના જીવનમાં પરિવર્તન લાવવા માંગીએ છીએ. તેથી જ ગામડાઓને કેવી રીતે સમૃદ્ધ બનાવી શકાય તે અમારૂં લક્ષ્ય છે.

## ડોનાલ્ડ ટ્રમ્પે કેલિફોર્નિયાના રિપબ્લિકનને સ્ટોર લૂંટનારાઓને ગોળી મારવા માટે આહ્‌વાન કર્યું



વોશિંગ્ટન તા.૩

અનાહેમમાં કેલિફોર્નિયા રિપબ્લિકન પાર્ટીના સંમેલનમાં ટ્રમ્પની ટિપ્પણીઓ અને ફરિયાદો પરિચિત હતી, અને તેઓએ ગુનેગારો સામે હિંસક બદલો લેવા કહ્યું હતું અને પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે કહ્યું કે, જો તમે કોઈ સ્ટોર લૂંટો છો, તો તમે તે સ્ટોર છોડી રહ્યા છો ત્યારે તમને અમે ગોળી મારીએ એવી અપેક્ષા રાખી શકો છો. ટ્રમ્પ ડેમોક્રેટિક ગઢમાં યોજાયેલા કાર્યક્રમમાં હાજર રહેલા ઘણા રિપબ્લિકન રાષ્ટ્રપતિ પદના દાવેદારોમાંના એક હતા. જો કે, સામાન્ય ચૂંટણીમાં પ્રમુખ જો બાઈડેનને હરાવવા માટે ઓછી આશા છે. કેલિફોર્નિયામાં સુપર ટ્યુઝડે પ્રાઈમરીઝમાં પમાર્ચે રાજ્યોના મતદાનની સ્લેટમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. તાજેતરના નિયમમાં ફેરફારથી ટ્રમ્પ, જે અત્યાર સુધી પ્રાથમિકમાં પ્રભુત્વ ધરાવે છે, તેઓને લાભ થઈ ફાયદો શકે છે. જો તે ૫૦ ટકાથી વધુ વોટ જીતે છે, તો તેમને રાજયના દરેક ડેલિગેટ્સ આપવામાં આવશે. પબ્લિક પોલિસી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેલિફોર્નિયા મતદાર સર્વેક્ષણ બુધવારે બહાર પાડવામાં આવ્યું હતું, પરંતુ ઓગસ્ટના અંતમાં અને સપ્ટેમ્બરની શરૂઆતમાં હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ટ્રમ્પને લગભગ અડધા સંભવિત રિપબ્લિકન પ્રાથમિક મતદારોનો ટેકો મળ્યો હતો. શુક્રવારે ટ્રમ્પની ટિપ્પણીઓએ રાષ્ટ્રપતિ પદ ઉપર પાછા ફરવાના ટ્રમ્પના પ્રયત્નો અંગે શંકા દર્શાવે છે. ગુના વિશેની તેમની ટિપ્પણીઓ ખાસ કરીને અલગ હતી. ભૂતકાળમાં, ટ્રમ્પે સ્થળાંતર કરનારાઓને સરહદ પાર કરતા રોકવા માટે ગોળીબાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમના પુસ્તકમાં અને ઈન્ટરવ્યુમાં, પૂર્વ સંરક્ષણ સચિવ માર્ક એસ્પરે આરોપ મૂક્યો હતો કે ટ્રમ્પે જ્યોર્જ ફ્લોયડ પ્રદર્શન દરમિયાન વિરોધીઓ ઉપર ગોળીબાર કરવા કહ્યું હતું. તેમણે ડ્રગ ડીલરો, માનવ તસ્કરો અને પોલીસ અધિકારીની હત્યાના દોષિત કોઈપણ માટે મૃત્યુદંડની દરખાસ્ત પણ કરી છે. તેમના કાર્યાલયના પ્રથમ વર્ષ દરમ્યાન ટ્રમ્પે પોલીસને શંકાસ્પદ લોકોની ધરપકડ કરવામાં વધુ કઠોર બનવાની સલાહ આપી હતી. ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે અમારું રાષ્ટ્રનું સંપૂર્ણપણે અલગ સ્થાન હશે. ચોરી અને વિનાશ અને આપણા દેશના વિનાશનો બદલો લેવો જ જોઈએ. કેલિફોર્નિયામાં હત્યાઓ અન્ય હિંસક ગુનાઓમાં વધારો થયો છે, રિપબ્લિકન અ ગુનાને એક મુખ્ય મુદ્દા તરીકે જુએ છે જે તેમને ઉપનગરીય મતદારોમાંથી કેટલાકને પાછા મેળવવામાં મદદ કરી શકે છે જેઓ ટ્રમ્પ નેતા તરીકે ઉભર્યા ત્યારથી પક્ષથી દૂર થઈ ગયા છે. કેટલાક GOP પ્રમુખપદના ઉમેદવારો અને પક્ષના અન્ય લોકોએ ખાસ કરીને આ અઠવાડિયે બનેલી ઘટનાઓ તરફ ધ્યાન દોર્યું છે, જ્યાં સોશિયલ મીડિયા ઉપર વિવાદ વચ્ચે ડઝનેક લોકોને ફોજદારી આરોપોનો સામનો કરવો પડ્યો હતો જેમાં ચોરોના જૂથોએ સાથે મળીને કામ કરતા શહેરના કેટલાક વિસ્તારોમાં સ્ટોર્સમાં ચોરી કરી હતી. ટ્રમ્પે કહ્યું કે, કેલિફોર્નિયા એક સમયે અમેરિકન સમૃદ્ધિ અને સર્જનાત્મકતાનું પ્રતીક હતું પરંતુ તે આપણા રાષ્ટ્રના પતનનું પ્રતીક બની રહ્યું છે. ટ્રમ્પે કહ્યું કે, અમે અમેરિકાના પતનને અટકાવીશું અને અમે તમારા મહાન રાજ્ય કેલિફોર્નિયાની અપવિત્રતાને સમાપ્ત કરીશું. આ હવે મહાન રાજ્ય નથી. આ ડમ્પિંગ ગ્રાઉન્ડ છે. તમે ડમ્પિંગ ગ્રાઉન્ડ છો. વિશ્વને કેલિફોર્નિયામાં ડમ્પ કરવામાં આવી રહ્યું છે. કેદીઓ, આતંકવાદીઓ, માનસિક દર્દીઓ વગેરે. ટ્રમ્પે તેમના સમર્થકોને કહ્યું કે સંભવતઃ, તેઓ આગામી વર્ષની સામાન્ય ચૂંટણીમાં કેલિફોર્નિયામાં જીતશે. રિપબ્લિકન નેશનલ કમિટીએ ન્યુયોર્કમાં “બેંક યોર વોટ” પહેલ શરૂ કરી તે જ દિવસે તેમણે મેઈલ બેલેટનો ઉપયોગ કરવા સામે વિરોધ કર્યો હતો, જે રિપબ્લિકનને ચૂંટણીના દિવસ પહેલા મતદાન કરવા વિનંતી કરે છે. અનેક લોકશાહી જૂથોએ સંમેલન સ્થળની નજીક વિરોધ કર્યો હતો. સાન બર્નાર્ડિનો કાઉન્ટી ડેમોક્રેટિક પાર્ટીના અધ્યક્ષ ક્રિસ્ટિન વોશિંગ્ટને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જ્યારે કોઈ મુખ્ય રાજકીય પક્ષના અગ્રણી ઉમેદવાર પર મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓને ઉથલાવી દેવાના પ્રયાસો માટે દોષારોપણ કરવામાં આવે છે, ત્યારે દરેક મતદાતાએ સમજવું જોઈએ કે આપણો દેશ ક્યાં જઈ રહ્યો છે અને તે વિશે વિચારવાની જરૂર છે.

ગીર સોમનાથ જીલ્લામાં

# રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રિય ખાદીનું વેચાણ વધ્યું

## ઓક્ટોબર માસ એટલે ખાદી ખરીદીની સિઝન : વર્ષ ૨૦૨૨ માં ૧૭,૨૯,૭૦૦/–ની ખાદીનું વેંચાણ થયેલ હતું




(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસપાટણ તા. ૩

ગીર સોમનાથ જીલ્લામાં ઓકટોબર માસ એટલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પ્રિય સંદેશ સમી ખાદી ખરીદી સિઝન, ખાદી રસિકો ઓકટોબર માસની કાગડોળે રાહ જોઈ રહયા હોય છે. સોમનાથ જીલ્લા વડા મથક વેરાવળ ખાતે ૧૯૬૮ થી ખાદી ભંડાર વેચાણ કાર્યરત છે. ખાદી ભંડાર સંચાલક પ્રવિણ પટ્ટણી કહે છે ‘આ વર્ષે ગુજરાત ખાદીમાં ૨૫ ટકા વળતર અને પરપ્રાંત ખાદીમાં ૧૫ ટકા વળતર છે. આ વળતર ૨ ઓકટોબરથી દિવાળી સુધી ચાલુ રહે છે.

ખાદીના આકર્ષક રંગો નવી ફેશન ટેકનોલોજીનો સમન્વયને કારણે યુવાન-યુવતીઓમાં પણ ખાદીનું આકર્ષણ પ્રતિવર્ષ વધતું જ જાય છે. આ વર્ષો અમો રેડીમેઈડ ઝબ્બા-લેંઘા, શર્ટ સહિતની વિવિધ આઈટમો લાવ્યા છે. જુના લોકોમાં એક માન્યતા છે કે, ખાદી એટલે સફેદ પરંતુ તે વાત હવે જુની થઈ ગઈ બ્લુ, આકાશી, કેસરી, ગુલાબી, ભગવા સહિત વિવિધ કલરોમાંની ખાદી ગ્રાહકોને આકર્ષી રહી છે.

વેરાવળના નિવૃત એડવોકેટ કનુભાઈ જોષી કહે છે કે ‘હું જયારે કોર્ટમાં પ્રેકટીસ કરતો હતો ત્યારે ખાદીના જ પેઈન્ટ -કોટ પહેરતો હતો.’ હાલ વેરાવળમાં વિદ્યુત સોસાયટી નજીક રહેતા કનુભાઈ કહે છે કે, ૧૯૬૮ માં હું વકીલ બન્યો એન ૧૯૬૯ માં કોંગ્રેસમાં જોડાયો ત્યારથી બસ હવે ખાદીને જ વરેલો છું. મારો ટુવાલ, ઓછાડ, તકીયા કવર બધુંય ખાદીનું જ છે અને દર વર્ષે ઓકટોબર માસમાં હું ખાદીની સામટી ખરીદી કરી લઉં છું.’

આવા જ સંપુર્ણ ખાદીને આજ સુધીમાં વરેલા ઉનાના સેવાભાવી નિવૃત એડવોકેટ રેવુભાઈ જોશી છે. વેરાવળ ખાદી ભંડારના સંચાલક પ્રવિણ પટ્ટણી કહે છે કે, ‘ખાદી ફોર ફેશન-ખાદી ફોર નેશન’ જેને કારણે લોકોમાં રોજગારી અને વળતરને કારણે આકર્ષણ રહે છે. વર્ષ ૨૦૨૨માં ૧૭,૨૯,૭૦૦ રૂપિયાની ખાદી વેંચાઈ હતી.

આ વર્ષે ખાદીના પેન્ટ, શર્ટ, રૂમાલ, આસન પટ્ટા, નેતાજી જેવા સદરા ઉપલબ્ધ કરાવાયા છે. અત્રે નોંધનીય છે કે, ૨ ઓકટોબર ૨૦૨૧ થી ૩૧ માર્ચ ૨૦૨૧ દરમ્યાન કોરોના કાળ હોવા છતાં ૧૪,૭૯,૦૦૦ રૂપિયાની ખાદી અહીંથી લોકોએ ખરીદી હતી.

બોટાનીકલ એડવાન્સ્ડ એસોસિએશન, ગુજરાત અને

# ડો. સુભાષ યુનિવર્સીટીના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રિય પરિસંવાદનું સફળ આયોજન કરાયું

## ગુજરાતભરમાંથી તથા અન્ય રાજ્યોમાંથી મળી ૩૦૦ થી વધારે લોકોએ આ પરિસંવાદમાં ભાગ લીધો

જૂનાગઢ તા. ૩

ગત તા. ૦૧/૧૦/૨૦૨૩ નાં રોજ સાસણ (ગીર) મુકામે ધ લાયન્સ કબ રિસોર્ટ ખાતે બોટાનીકલ એડવાન્સ્ડ એસોસિએશન, ગુજરાત (BAAG) અને ડો. સુભાષ યુનિવર્સીટીના સંયુક્ત ઉપક્રમે બોટની વિષયના તૃતીય રાષ્ટ્રિય પરિસંવાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત અને અન્ય રાજ્યોમાંથી ૩૦૦ કરતાં વધારે બોટની વિષયના વિદ્યાર્થીઓ, સંશોધકો અને પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો. આ પરિસંવાદ "Advanced Trends in Multidisciplinary Research in Plant Sciences" વિષય પર આયોજિત કરાયો હતો, જેમાં વનસ્પતિશાસ્ત્રના ખ્યાતનામ વૈજ્ઞાનિક ડૉ. બી. કે. જૈન દ્વારા મુખ્ય વ્યાખ્યાયન અપાયું હતું.






મુખ્ય વ્યાખ્યાયન બાદ સ્પર્ધકો માટે વિવિધ પાંચ વિષયો પર પોસ્ટર પ્રેઝન્ટેશન તેમજ ઓરલ પ્રેઝન્ટેશન ની સ્પર્ધા આયોજિત કરવામાં આવી હતી, જેમાં સ્પર્ધકોએ પોતાના સંશોધનો અંગેના વિચારો રજુ કર્યા હતા. દરેક થીમમાં ત્રણ-ત્રણ વિજેતાઓ નક્કી કરી, કાર્યક્રમના અંતમાં તેઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. ગીરમાં આ કાર્યક્રમનું આયોજન હોઈ, પરિસંવાદમાં ભાગ લેનારના મનોરંજન માટે પ્રખ્યાત ધમાલ નૃત્યનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરિસંવાદને સફળ બનાવવા માટે BAAG સંસ્થાના પ્રમુખ ડૉ. એન. કે. પટેલ, ઉપપ્રમુખ ડૉ. બી. એ. જાડેજા અને ડો. અલ્પાના શુકલા, સેક્રેટરી ડો. વાય. બી. ડાંગર, ડો. રાજેશ રાવિયા, તેમજ ડો. સુભાષ યુનિવર્સીટીના ડેપ્યુટી રજિસ્ટ્રાર ડૉ. પ્રેમકુમાર લાલચંદાણી, ડીન ડો. દર્શન જાની તથા ડો. પ્રદીપ કાછીયા એ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની ઉત્કૃષ્ટ સફળતા બદલ ડૉ. સુભાષ એકેડમીના પ્રમુખ શ્રી જવાહરભાઈ ચાવડા, ડૉ. સુભાષ યુનિવર્સીટીના પ્રમુખ શ્રી રાજભાઈ ચાવડા તેમજ પ્રોવોસ્ટ ડૉ. દિપક પટેલ એ તમામ ટીમને બિરદાવી હતી.

# માંગરોળ મુસ્લિમ ઘાંચી સમાજ દ્વારા શૈક્ષણિક સેમિનાર યોજાયો

## સમાજમાં શૈક્ષણિક ક્રાંતિ લાવવા માટે શિક્ષિત લોકો સાથે મનોમંથન કરવામાં આવ્યું





(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૩

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે ઘાંચી મુસ્લિમ સમાજનાં લોકો બહોળી સંખ્યામાં રહે છે. ખેતીવાડી તેમજ માછલા અને બોટ બનાવવાની કામગીરી ઉપર નિર્ભર ઘાંચી સમાજ શૈક્ષણિક બાબતે ઘણો પછાત ગણાય છે. ૫૫ હજારની વસતી ધરાવતા આ સમાજમાં શૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિ લાવવા માંગરોળ મુસ્લિમ ઘાંચી સમાજની શિક્ષણ સમિતિ દ્વારા એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારે ઘાંચી કોમ્યુનિટિ હોલમાં યોજાયેલા આ સેમિનારમાં ઘાંચી મુસ્લિમ સમાજમાં શૈક્ષણિક બાબતે જાગૃતા લાવવા અને સમાજનાં વિદ્યાર્થીઓ આઈએએસ, આઈપીએસ સુધી કેવી રીતે પહોંચે, તેમજ સમાજના વિદ્યાર્થીઓમાં વધી રહેલા ડ્રોપઆઉટ રેશિયો અને શૈક્ષણિક બાબતે અત્યાર સુધી સમાજની કયા ઉણપ રહી તે બાબતે મનોમંથન કરવામાં આવેલ હતું. આ તકે અમદાવાદથી મુખ્ય વકતા તરીકે પધારેલા મુસ્તફાભાઇ ખેડુવોરાએ જણાવ્યું હતું કે આજે આપણા સમાજને વાણીસુરા નહી પરંતુ કર્મવીર આગેવાનોની જરૂર છે. અલ્લાહએ આપણને કૌમના રહેબર બનાવીને મોકલ્યા છે તો તેનો કયામતના દિવસે સવાલ થશે જ કે તમે કૌમ માટે શું કર્યુ ? તમે શાહીબે ઈલ્મ હતા તો તમે શું કર્યુ ? સમાજને શૈક્ષણિક બાબતે આગળ લાવવા માટે માંગરોળ ઘાંચી સમાજ દ્વારા આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું તે બદલ હું ઘાંચી સમાજને અભિનંદન આપું છું પરંતુ હવે પ્રવચનો બહુ થઈ ગયા, કાર્યક્રમો કરીએ અને છૂટા પડીએ એનો કોઈ મતલબ નથી. આજે આપણે આપણી ભૂલો કયા થાય છે તે સુધારવાની જરૂર છે. હું માંગરોળ ઘાંચી સમાજને એક નમુના રૂપ સેન્ટર બને એ જોવા માંગુ છું. આ માટે અહીના આગેવાનોએ એકવાર મોડાસા ઘાંચી મુસ્લિમ સમાજની મુલાકાત અવશ્ય લેવી જોઈએ. આજે જે કામ આપણે અહીં કરવા માંગીએ છીએ તેની શરૂઆત પચાસ વર્ષ પહેલાં મોડાસામાં થઈ ગઈ હતી. ત્યાંની એક એમઆરટીસી નામની સંસ્થાએ અર્ધો ડઝન કરતા વધારે સંસ્થાઓને ફાઈનાન્સ કર્યુ છે. અને એમાંથી એ લોકોએ હોસ્પિટલ, સ્કૂલો બનાવી છે. આ કામો આપણે અહીં કેમ ના કરી શકીએ ? અહીં સાયન્સ સ્કૂલો નથી. બાળકના ગુણવત્તા યુક્ત શિક્ષણનો પ્રશ્ન છે. તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ બાબતે કોઈ આયોજન નથી. બિહારના ગરીબ લોકો પણ નાનપણથી જ એમના બાળકોને આઈએસ આઈપીએસનું ટાર્ગેટ રાખી ચાલે છે.


આ બાબતે અહીના શિક્ષકો અને આગેવાનોએ મનોમંથન કરી આગળ વધવું પડશે. આપણી સંસ્થાઓ -શાળાઓને ગ્રાન્ટ કેમ નથી મળતી તે બાબતે પણ સવાલો કરવા જોઈએ. શ્રી ખેડુવોરાએ માંગરોળ ઘાંચી મુસ્લિમ સમાજને શૈક્ષણિક બાબતે પોતાની ટીમ સાથે મદદરૂપ થવા તૈયારી પણ બતાવી હતી. તેમણે અંતમાં જણાવ્યું હતું કે અલ્લાહની રસ્સી મજબૂતાઈ થી પકડો અને સાચાઓની સાથે થઈ જાઓ. લડવા માટે તલવારની જરૂર નથી કલમથી પણ લડી શકાય છે. અમદાવાદ મદીના મસ્જિદના પ્રમુખ લિયાકતભાઈ મેમણે માંગરોળની શૈક્ષણિક પરિસ્થિતિ ઉપર વાત જણાવ્યું હતું કે, નિરાશાને ખંખેરી નાખો. છેલ્લા બત્રીસ વર્ષાથી અમદાવાદ મદીના મસ્જિદમાં નમાઝના અલાવા ઈસ્લામી તાલિમ સાથે શૈક્ષણિક તાલિમની કલાસો પણ ચાલે છે. ત્યાં ૨૦૦ બાળકો દિની દૂન્યવી તાલિમ મેળવી રહ્યા છે. ત્રણ ટાઈમ મદ્રેસો ચાલે છે. મહિલાઓ માટે કુકીંગ ક્લાસ, શિવણ ક્લાસ ચાલે છે. તમામ કામગીરી મસ્જિદની જગ્યામા ચાલુ કરી. ત્યાં રાહતદરે દવાખાનું પણ ચલાવીએ છીએ. તેમણે જણાવેલ કે ,મારી દ્રષ્ટિએ દૂનિયામાં સૌથી મહત્વની કોઈ કામગીરી હોય તો એ મૌલાના અને શિક્ષકોની છે. માંગરોળના લાલબાગ સીમશાળાના આચાર્ય આદમ ભાટાએ શિક્ષણ વિશેની મુંઝવણો અને મુસ્લિમ સમાજમાં શિક્ષકોને પડી રહેલા મુશ્કેલીઓ વિશે ચિતાર રજૂ કરતા જણાવેલ કે, RTEમાં જે ખરેખર ગરીબ લોકો છે તેમણે જ ફોર્મ ભરવા જોઈએ બાકી જે લોકો સક્ષમ છે તેમણે ખોટી રીતે RTEના ફોર્મ ભરીને ગરીબ બાળકોનું હકક ના મારવું જોઈએ. તેમજ બાળકોમાં શિસ્ત અને શાંતિ અને શિક્ષકો તેમજ વાલીઓમાં બાળકોને સમજવાની ક્ષમતા કેળવવા અનુરોધ કર્યો હતો. લોકરક્ષક ભરતીમાં આપણા ૬૦ બાળકો પ્રેકટીકલ પાસ કરી લિધી પરંતુ ઓરલ મા રહી ગયા. કેમકે આપણી પાસે અગાઉ થી કોઈ આયોજન નથી. પ્રોગ્રામનાં અંતે સજેશન સેશનમાં ઉપસ્થિત મહાનુભાવોએ શૈક્ષણિક બાબતે સમાજમાં ક્રાંતિ લાવવા મંતવ્યો આપ્યા હતા. જેમાં સમાજની સ્કૂલો, બાળકોમાં ગુણવત્તાસભર શિક્ષણ માટે કોલિફાઈડ શિક્ષકો મુકવા, શૈક્ષણિક બાબતે સામાજિક નિષ્ક્રિયતા, શૈક્ષણિક સંસ્થાઓ સાથે ઓરમાયું વલણ, જગ્યાઓનો અભાવ, વાલીઓમાં બાળકો પ્રત્યે લાપરવાહી, સરકારી સ્કૂલો સંસ્થાઓને સહકાર આપવા ખૂટતી જગ્યાઓ અને ઘટતા શિક્ષકો ફાળવવા, તેમજ સામાજિક આગેવાનો દ્વારા સમયાંતરે શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લેવા સહિતના સુચનો આવ્યા હતા. મુફતી દાઉદ ફકીરા, મૌલાના ઈબ્રાહીમ ઉદયા, ફારૂક ગુજરાતી, અ.રજાક ગોસલીયા, ઈબ્રાહીમ પડાયા સહિતના શિક્ષણવિદોએ પણ પોતાના અભિપ્રાયો આપ્યા હતા. ઘાંચી સમાજની હાલની શૈક્ષણિક પરિસ્થિતિ નો ચિતાર હાફિઝ ઉબેદૂલ્લાહ જાડલાએ ગઝલના અંદાજમાં ખુબ જ સુંદર રીતે રજૂ કર્યો હતો. પ્રોગ્રામનું સંચાલન રીઝવાન કોતલે કર્યુ હતું. મહેમાનોનું સ્વાગત ઘાંચી સમાજના પ્રમુખ મોહમદહુસેન ઝાલાએ કર્યુ હતું. પ્રોગ્રામની રૂપરેખા શિક્ષણ સમિતિના ચેરમેન ઈબ્રાહીમ વરામે આપી હતી. ફારૂકભાઈ હકીમે તમામ ઉપસ્થિત મહાનુભાવોનું અભિવાદન કરી શિક્ષણ સમિતિ સુધી આવેલા અભિપ્રાયો અને તમામ સુચનો ઉપર મનોમંથન કરીને એક સકારાત્મક નિર્ણય લેવા આશ્વાસન આપ્યું હતું. આ પ્રોગ્રામમાં માંગરોળ ઘાંચી મુસ્લિમ સમાજનો એક ક્રીમ શૈક્ષણિક વર્ગ જમા થયો હતો જેમા શિક્ષકો, સ્કૂલના સંચાલકો, ડોકટરો, વકીલો, પત્રકારો સહિતના દરેક શૈક્ષણિક ફીલ્ડના મહારથીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રોગ્રામને સફળ બનાવવા માંગરોળ ઘાંચી મુસ્લિમ સમાજના કર્મચારીઓ અને વર્કરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સુત્રાપાડા પંથકના ધામળેજ બંદરના માછીમારોની વેદના

સુત્રાપાડાતા. ૩

છેલ્લા ઘણાં સમયથી અલગ-અલગ દરિયાઈ વિસ્તારમાં ૧૦૦ મીટરની આસપાસ ડીમોલીશન તંત્ર દ્વારા હાથ ધરાયેલ છે ત્યારે ગીર સોમનાથ જીલ્લાના ધામળેજ બંદરના માછીમારો મુંઝવણમાં મુકાયા છે. ધામળેજ બંદરમાં માછીમારી ઉપર નિર્ભર લોકોનું કહેવું છે કે, અમારી પાસે રહેવા માટે પુરતી સગવડ પણ નથી તથા માછીમારી કરી અમે અમારૂં ગુજરાન ચલાવીએ છીએ અને તેમાંથી અમને રોજી રોટી મળે છે. ત્યારે અત્યાર સુધીમાં જેટલી પણ કુદરતી આફતો અને હોનારતો આવી છે તેમાં અમારા ઝુંપડાઓને ઘણું ખરૂં નુકશાન પહોંચ્યું છે તથા દર વખતે આફતમાં નષ્ટ થવાના તથા અમારી થોડી ઘણી ચીજવસ્તુઓ અને માછીમારી કરવા માટેના સામાનને મોટા ઘણા પ્રમાણમાં નુકશાન પહોંચે છે. અને અમને કોઈપણ જાતની સફાઈ મળતી નથી તદઉપરાંત કોઈપણ વ્યક્તિ તથા સત્તાધીકારી નુકશાન પામેલ સ્થળની મુલાકાત પણ લેવા આવતું નથી. ત્યારે ઘણાં સમયથી સૌરાષ્ટ્રના દરિયા કિનારા ઉપર આવેલ જગ્યાઓ ઉપર ડીમોલીશન થયેલ છે ત્યારે ધામળેજ બંદરના માછીમારોએ દુ:ખ વ્યકત કરેલ છે કે જો અહીં પણ આવું બનશે તો અમારી પાસે આશરો નહીં રહે અને અમારી રોજીરોટી પણ છીનવાઈ જશે જેથી આ બાબતે યોગ્ય કરવા માંગ ઉઠી છે.

# ગાંધીગ્રામ ગરબી મંડળ જૂનાગઢ દ્વારા નવરાત્રી મહોત્સવની ભાવપુર્વક ઉજવણી થશે

જૂનાગઢ તા. ૩

આદ્યશક્તિ મા ના નવલા નોરતાની તૈયારીના ભાગરૂપે નવરાત્રી મહોત્સવની ભાવભેર ઉજવણી કરવા માટે ગાંધીગ્રામ ગરબી મંડળ જૂનાગઢ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી નવદુર્ગા, અંબાજી તથા શ્રી ચામૂંડા માતાજીની અસીમ કૃપાથી ગાંધીગ્રામ ગરબી મંડળનું ભવ્ય આયોજન અને નવ નોરતાના નવ દિવસ જુદા જુદા કાર્યક્રમો ઉજવવામાં આવશે તેમજ આ ગરબીમાં ૩૦૦ જેટલી નાની બાળાઓને રૂા.૧ નાનજીવા ટોકન ફી લઈને પ્રવેશ આપવામાં આવે છે. અનો ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવ ભાવભેર ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ ભવ્ય નવરાત્રી મહોત્સવ ઉજવવા માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ગાંધીગ્રામ ગરબી મંડળના વીરાભાઈ મોરી, નાથાભાઈ આહીર, ડાયાભાઈ મોરી, મનસુખભાઈ હડીયલ, મજીદભાઈ ચૌહાણ, શાહરૂખભાઈ મકવાણા, લખમણભાઈ ભુતીયા, પ્રફુલભાઈ શાહ, બુધાભાઈ કોઠારી, રસીદભાઈ બગથરીયા, નવનીતભાઈ માંડલીયા, મેણસીભાઈ વાજા, ભાવેશભાઈ મોરી, કેતનભાઈ બામરોટીયા, મીતભાઈ કોડીયાતર, મયુરભાઈ ડેર, ક્રિશભાઈ ચૌહાણ, યશરાજ લાંબા, જીજ્ઞેશભાઈ જોષી, જીજ્ઞેશભાઈ દવે, દિનેશભાઈ વાજા, સુરેશભાઈ સંચાણીયા વગેરે કાર્યકર્તાઓના માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારી ચાલી રહી છે. સીંગર તરીકે મુકેશભાઈ બારોટ, દિવાબેન ગઢવી, કુસુમબેન મહેતા, પૂનમભાઈ બારોટ તથા જૂનાગઢના તમામ નામી અનામી કલાકારોને ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા ભાવભર્યુ આમંત્રણ આપવામાં આવી રહેલ છે. આ ઉપરાંત ઓરકેસ્ટ્રા ભીખુભાઈ ઢોલી, સાઉન્ડ નીલેશભાઈ વગેરેના સથવારે નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવશે. ગાંધીગ્રામની ધર્મપ્રેમી જનતાના સાથ સહકાર અને સહયોગથી દર વર્ષેની જેમ આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવશે અને જે અંગેની તૈયારીને ભાગરૂપે બાળાઓના રાસ-ગરબાની રીહર્સલ શરૂ કરી દેવામાં આવેલ છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# ઉનાના ખજુદ્રા ગામે રહેતા આર્મીમેન અશોક કુમાર રાઠોડ નિવૃત્ત થયા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૩

ઉના તાલુકાના ખજુદરા ગામે રહેતા અશોક કુમાર રાઠોડ ૩૧ વર્ષ આર્મીમાં ફરજ બજાવી નિવૃત્ત થયા જેને લઈને ટાવર ચોક વિસ્તારમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા રીટાયર આર્મી મેન અશોક કુમાર રાઠોડનું દિવ્યા અને ભવ્ય ધારાસભ્ય દ્વારા સ્વાગત કરવામાં આવ્યું અને તેમને હાર પહેરાવી અને તેમને ટ્રોફી આપી અને સન્માનિત કર્યા હતા. જેમાં તેમના ગામના લોકો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. ટાવર ચોક વિસ્તારમાં સ્વાગત બાદ તેઓ પોતાના વતન એટલે ગામડે ખજુદ્રા ગામે પહોંચ્યા હતા. તેમનું પણ ત્યાં સમગ્ર ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત




કરવામાં આવ્યું હતું અને તેઓએ ફરજ દરમ્યાન પોતાના અનુભવો પણ લોકોને કહ્યા હતા અને આર્મીમેન અશોક કુમાર રાઠોડને જવાબ લોકો મોટી સંખ્યામાં એક થઈ ગયા હતા.

# ભવનાથ ખાતે સ્ટેટ એમટીબી સાયકલિંગ ચેમ્પિયનશીપ યોજાઈ



(પ્રતિનિધી દ્વારા) જૂનાગઢ તા.૩ ગુજરાત સ્ટેટ સાયકલિંગ એસોસીએશન અને સાયકલિંગ એસોસીએશન જૂનાગઢ દ્વારા ભવનાથમાં લાલઢોરી ખાતે ગુજરાત સ્ટેટ એમટીબી સાયકલિંગ ચેમ્પિયન શિપનું આયોજન કરવામાં આવેલ હતું.જેમાં સમગ્રરાજયમાંથી ૧૨ જીલ્લાના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાની શરૂઆત રમત ગમતઅધિકારી વિશાલદિહોરા, હારૂન વિહળ, ડો.પરેશ કોરિયા, બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજના પ્રો.ડો.આર.બી. સરવૈયા, સ્ટેટના મંત્રી ડો.ભરત પટેલ, ખજાનચી ખનેશ પટેલદ્વારા કરવામાં આવી હતી. આ સાયકલ સ્પર્ધામાં કુલ ૭ કેટેગરીમાં યોજવામાં આવી હતી. સ્પર્ધા પુર્ણ થયા બાદ ઈનામ વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૫ સ્પર્ધકોને નેશનલ સાયકલિંગ માટે પસંદ કરવામાં આવેલ હતા. અને જૂનાગઢનાં પાંચ ખેલાડીઓ માટે નેશનલ માટે પસંદ થયેલા છે.

# માધવ ક્રેડીટ સોસાયટી જૂનાગઢ દ્વારા ગાંધી જયંતિની અનોખી ઉજવણી







જૂનાગઢ, તા.૩ માધવ ક્રેડીટ કો.ઓ. સોસા.લી.-જૂનાગઢ દ્વારા ગાંધી જયંતિના દિને 'સ્વછતા હી સેવા' અભિયાન કાર્યક્રમનુંએક નવતર જ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની વિશિષ્ઠતા એહતી કેસામાન્યરીતે આવા કાર્યક્રમોમાં આયોજકો થોડોક સમય સફાઈ કરે છે છતાં તેઓના ફોટા દેખાય છે. પણ આવું કરવાને બદલે ખરાં અર્થમાં જે સફાઈના 'શ્રમયોગી' છે તેવા આ વિસ્તારના પાંચ સફાઈ કામદાર ભાઈ-બહેનોને આમંત્રિત કર્યા હતા. પ્રથમ સંસ્થાના મહિલા ડીરેકટરોએ ચાંદલા કરી, પુષ્પગુચ્છ આપી તેમનું સન્માન કર્યુ પછી આ કામદાર ભાઈ—બહેનોએ દિપ પ્રાગ્ટયકરી સમારંભનીશરૂઆત કરાવી તેઓએ હસ્તે જ ભારતમાતાનું પૂજન અર્ચન કરવામાં આવ્યું. ત્યારબાદ સંસ્થાના ચેરમેન પી.બી. ઉનડકટ, સફાઈ કામદારોના સાવરણાનું પૂજન કર્યુ પછી તેઓએ કામદારોને મીઠાઈપકેટ અને મોમેન્ટો અર્પણ કરીને સન્માનિત કર્યા. આ દરમ્યાનઆ સફાઈ કામદારોનાચહેરા પ્રસન્ન ચિતથી પુલિકત થઈ રહયાહતા. આવી પ્રક્રિયાઓથી તેઓ મંત્રમુગ્ધ થતા હતા. બે માસ પછી નિવૃત થનારા એક બહેને તેનો સંતોષ અને આનંદ વ્યકત કરતાં કહયું કે 'અમારી આખી જીંદગી પુરી થઈ ગઈ પણ અમને કોઈએ જાણ્યા હોય તેવું તો પહેલી વાર બન્યું' આ પ્રસંગે માધવ ક્રેડીટ કો.ઓ. સોસા. અને જય ગિરનાર ગ્રાહક સહકારી ભંડારના કમિટી મેમ્બર્સ તથા કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટ દ્વારા સર્વ જ્ઞાતિયવિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩ ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટના પ્રમુખ મિહિરભાઈ જોશી, વિજયભાઈ મિશ્રાણી, ભોગીભાઈ ભટ્ટ, રાજુભાઈ જોષી, લલીતભાઈ રાવલ, વ્યાસ ભાઈના સંયુકત પ્રયાસોથી આ કાર્યક્રમ સંપન્ન થઈ આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને સેવા સાથે સંકળાયેલ મનસુખભાઈ વાજાએ આ સ્થાન શોભાવ્યું હતું. ૧૩૬ વિદ્યાર્થીઓને ૭૫ હજારના રોકડ પુરસ્કાર આપવામાં આવેલ હતો. આ સંસ્થા દ્વારા ધોરણ ૧૦ ધોરણ ૧૨ તથા યુનિવર્સિટીની લેવાયેલી પરીક્ષામાં પ્રાપ્ત કરેલા હોય તેવા દરેક જ્ઞાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ રૂપે ઈનામ આપવામાં આવે છે. સરસ્વતીબેનજયંતીલાલભાઈ ભટ્ટ દ્વારા બધા ઈનામો આપવામાં આવે છે. ચેતનાબેન મિશ્રાણી તથા વિજયભાઈ મિશ્રાણી તરફથી દરેકને ફુલસ્કેપના ચોપડા આપવામાં આવેલ રૂપલબેન લખલાણીએ પણ હાજરી આપેલ સાથે અલ્પાહારનો કાર્યક્રમ રાખેલ હતો.

# જૂનાગઢ મનપા દ્વારા કર્મચારીનું નિવૃત વિદાયમાન







(પ્રતિનિધી દ્વારા) જૂનાગઢ તા.૩ જૂનાગઢ મહાનગરપાલીકા પીઆરઓ શાખાની એક અખબારીયાદીમાં જણાવાયેલ છે કે, જૂનાગઢ મનપા કચેરી ખાતે મનપાના આસી.કમિશ્નર જયેશભાઈ વાજાના અધ્યક્ષસ્થાને પીઆરઓ શાખાના કર્મચારી પ્યુન લિલેશ મેઠીયાનો વયનિવૃતી વિદાયમાન સમારોહ આયોજીત કરવામાં આવેલ હતો.

વર્ગ-૪માં ફરજ બજાવતા લિલેશ મેઠીયાએ જુદાજુદા વિભાગો જેવા કે વોટરવર્કસ, સેક્રેટરી, શિવરાત્રી મેળો, પરિક્રમા મેળો તેમજ પીઆરઓ શાખામાં ૩૭ વૃષ સુધી ફરજ બજાવેલ છે. નીષ્ઠા અને હસમુખા સ્વભાવના તેમજ કેમ છો-જય ભગવાનજી શબ્દોથી સૌનું શાબ્દીક સ્વાગત કરનાર લિલેશ મેઠીયા મહાનગરપાલીકાના ખ્યાતિપાત્ર પ્યુન તરીકે ફરજ બજાવી માનભેર વિદાયમાન પામતા સમગ્ર મહાનગરપાલીકા સ્ટાફ દ્વારા તેઓને સન્માનીત કરી તેમને વિદાય આપવામાં આવી હતી અને હવેનું નિવૃતી બાદનું જીવન સુખાકારી ભરેલું તથા નિરોગી રહે તેવી શુભકામનાઓ પાઠવેલ છે. આ અનેરા વિદાય સમારોહમાં ઉપસ્થિત સાથી કર્મચારીઓ અધિકારીઓની લાગણી જોઈ લિલેશભાઈ મેઠીયા ભાવવિભોર થઈ ઉઠેલ. આ વિદાય સમારંભ કાર્યક્રમમાં આસી.કમિશ્નર જયેશભાઈ વાજા તથા જન સંપર્ક અધિકારી નીતુબેન વ્યાસ સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

# ગીર સોમનાથ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી નિર્મિત રેડ ક્રોસ બ્લડ ડોનેશન સેન્ટર અને આરોગ્યભવનનું આગેવાનો હસ્તે લોકાર્પણ કરાયુ





**પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્ર, ફિઝિયોથેરાપી, બ્લડબેંક સહિત અદ્યતન ટેકનોલોજીથી સજ્જ સેન્ટર ગીર સોમનાથની જનતાને તદન વ્યાજબીભાવે મળશે સર્જીકલ સાધનોની સહિત આરોગ્યલક્ષી સુવિધાઓ**

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ, તા.૩ ગુજરાત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને દાતાઓના આર્થિક સહયોગથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગીર સોમનાથ જિલ્લા શાખા દ્વારા જિલ્લાનું પ્રથમ વેરાવળમાં આરોગ્ય ભવન અને રેડ ક્રોસ બ્લડ ડોનેશન સેન્ટરનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. જેમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા ચેરમેન અજયભાઈ પટેલ સહિત સાંસદ રાજેશ ચુડાસમા સહિતના જનપ્રતિનિધિઓની ઉપસ્થિત રહ્યા હતા. વેરાવળ પાટણ સંયુકત નગરપાલિકા દ્વારા નિર્મિત ડો. આંબેડકર કમ્યુનિટી હોલ આરોગ્ય સેવાઓ માટે અનુદાનિત કર્યો છે જ્યાં ઈન્ડિયનરેડક્રોસ સોસાયટી દ્વારા આરોગ્ય સેવા ભવનમાં કોમ્પોનન્ટ બ્લડ સેન્ટર, ફિઝીયોથેરાપી સેન્ટર, ડેન્ટલ ક્લિનિક, પેથોલોજી લેબોરેટરી, પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્ર, ફર્સ્ટએઈડ ટ્રેનીંગ સેન્ટર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટ્રેનીંગ સેન્ટર, જુનિયર તથા યુથ રેડ ક્રોસ પ્રવૃત્તિઓ, બ્લડ ડોનેશન તથા મેડીકલ કેમ્પ, થેલેસેમિયા અવેરનેસ એન્ડ પ્રિવેન્સન સહિતની આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ થશે. આ તકે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી રાજ્ય ચેરમેન અજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ રેડક્રોસ ભવન વેરાવળ સહિત ગીર સોમનાથના આસપાસના ગ્રામ્ય વિસ્તારોને પણ આશીર્વાદ સમાન બની રહેશે. મધ્યમવર્ગના અને ગરીબ લોકોને રાહતદરે આરોગ્યલક્ષી સેવાઓ મળી રહેશે અને લાભ થશે વળી પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રના કારણે રાહતભાવે દવાઓ પણ પ્રાપ્ત થશે તેમજ ફિઝિયોથેરાપી સહિતની સેવાઓ મળશે. આમ નિષ્ણાંત સ્ટાફ દ્વારા આરોગ્ય સેવાઓનો લાભ લેવા અપીલ કરી હતી. આ તકે સ્વ.રમેશ મસાણી સ્મૃતિ (રક્તદાનપ્રેરણા એવોર્ડ), ચક્ષુદાન, ઓર્ગન ડોનેટ કરનાર પરિવારનું તેમજ રક્તદાન કરનાર વ્યક્તિઓનું પણ સન્માન કરાયું હતુ.

આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી જશાભાઈ બારડ, રાજશીભાઈ જોટવા, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, પાલિકા પ્રમુખપલ્લવીબેન જાની, જિલ્લા વિકાસઅધિકારી અને ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી ઉપપ્રમુખ રવિન્દ્ર ખતાલે, અગ્રણી ઝવેરીભાઈ ઠકરાર, મહેન્દ્રભાઈ પીઠિયા સહિત ઈન્ડિયનરેડક્રોસ સોસાયટીના ચેરમેન કિરિટભાઈ ઉનડકટ સહિત તેલંગાણા, હરિયાણા, મધ્યપ્રદેશ સહિત ગીર સોમનાથના સર્વે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# કેશોદ તાલુકામાં સોયાબીન પાક તૈયાર થયો બજાર ભાવથી ખેડુતોમાં નારાજગી



(ગોવીંદ હડીયા દ્વારા) કેશોદ તા.૩ ચોમાસાની સિઝનમાં ખેડુતોએ મગફળી કપાસ સોયાબીનતથા આંતર પાક તરીકે તુવેરદાળનુવાવેતર અનેક ખેડુતોએ કર્યુહતુંત્યારે મગફળી તુવેરદાળના ભાવ સામાન્ય જોવા મળી રહ્યોછે ત્યારે મોંઘવારીના સમયમાંખાતર બિયારણ જંતુનાશક દવા પિયત સહીત ખેડુતોએ સોયાબીનનું વાવેતર કરી સોયાબીનનો પાક તૈયાર થઈ રહ્યોછે ત્યારે ખેડુતોને સરેરાશ પ્રતી વિઘે પંદર મણથી વીસમણ સુધીનુ સરેરાશ ઉત્પાદન જોવા મળી રહ્યુછે ત્રણ સાડા ત્રણ મહિના ખેડુતોએ મહેનત કરી સોયાબીનના પાકનું ઉત્પાદન થઈ રહ્યુછે ત્યારે ખેડુતોએ કરેલ ખર્ચ મુજબ પુરતું વળતર ન મળતા ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહીછે

હાલના મોંઘવારીના સમયમાં સોયાબીનના પ્રતી મણ નવસોથી હજાર જેટલો બજાર ભાવ જોવા મળતા ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહીછે સોયાબીનનો પાક તૈયાર થતા કોઈ ખેડુતો મજુરોદ્વારા કાપણી કરી રહ્યા છે તો કોઈ ખેડુતોના ખેતરમાં સોયાબીનના પાકમાં કટર દ્વારા સોયાબીનના પાકમાં કાપણી થઈ રહીછે ખેડુતોએ કરેલ સોયાબીનના પાકમા પ્રતી વિઘે પંદર મણથી વીસમણ સુધીનુ સરેરાશ ઉત્પાદન જોવા મળી રહ્યુછે ત્યારે બજાર ભાવ પ્રતી મણ નવસોથી હજાર જેટલો હોય ખેડુતોએ કરેલ ખર્ચ મુજબ સોયાબીનનો ભાવ ઓછો હોવાથી ખેડુતોમાં નારાજગી જોવા મળી રહીછે ત્યારે સરકાર દ્વારા પોષણક્ષમ ભાવે સોયાબીનની ટેકાના ભાવેખરીદી કરવામાંઆવે તેવી ખેડૂતોની માંગછે ત્યારે સોયાબીનના ભાવમાં વધારો થશે કે કેમ તે જોવાનું રહ્યું

# અકસ્માત નિવારણ માટે જિલ્લા ટ્રાફિક બ્રાન્ચની ખાસ ઝુંબેશ વેરાવળ ખાતે NGO, ટ્રાન્સપોર્ટરોની ઉપસ્થિતીમાં શુભારંભ





(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ, તા.૩ ગીર સોમનાથ જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા વેરાવળ જુનાગઢ હાઈવે પર અકસ્માતોના નિવારણ માટે લોકજાગૃતિ સાથે રિફ્લેક્ટિવ રેડિયમ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે દસ દિવસ સુધી યોજનાના ટ્રાફિક ડ્રાઈવ અંગે જિલ્લા ટ્રાફિક શાખા ના પી.એસ.આઈ સંજય મહેતાએ જણાવ્યું હતું કે જણાવ્યું હતું કે મોટાભાગના અકસ્માતોમાં રિફ્લેક્ટિવ વિઝિબીલીટીના અભાવે અકસ્માતો સર્જાય છે અને માનવ જિંદગી ગુમાવવી પડે છે ત્યારે આવા અકસ્માતો નિવારી શકાય તે માટે જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા ના માર્ગદર્શન હેઠળ જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા નાગરિકોમાં જાગૃતિ સાથે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી. સમગ્ર જિલ્લામાં માં દસ દિવસ સુધી રીફલેકટીવ રેડિયમ ડ્રાઈવ હાથ ધરવામાં આવશે જેમાં લોકો નો સહકાર પણ ખુબજ અનિવાર્ય છે. ગાંધી જયંતી ના દિવસે જૂનાગઢ હાઈવે પર ડારી ટોલ બુથ પર ટ્રાન્સપોર્ટરો, આરટીઓ, સ્થાનિક પોલીસ તેમજ જુદી જુદી સંસ્થાઓ ના પ્રતિનિધિઓની પ્રેરક ઉપસ્થિતી માંઆ ઝુંબેશ નો શુભારંભ કરવા માં આવ્યો હતો.

# માંગરોળ બંદર ખાતે એક દિવસીય ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૩ માંગરોળ બંદર ખાતે ભારત સરકારની સંસ્થા FISHERY SURVEY OF INDIA (FSI)ના માધ્યમથી માછીમારો સાથે એક દિવસીય ટ્રેનિંગ કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યુ હતુ. NFDBના મેમ્બર વેલજીભાઈ મસાણીના અધ્યક્ષ સ્થાનેયોજાયેલ કાર્યક્રમમાં FSIના મુખ્ય વૈજ્ઞાનિક કદમ અને તેમની ટીમ દ્વારા માછીમારો સાથે ફિશિંગની પધ્ધતિ બાબતે વિસ્તૃત ચર્ચા કરવામા આવી હતી તેમજ આવનારા સમયમા માછીમારોને આધુનિક ટેકનોલોજીથી સજ્જ થઈ પોતાના વ્યવસાયને વધુ મજબુત કરવા માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ. આ તકે ઉપસ્થિત દરેક મહાનુભાવોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં ખારવા સમાજના પટેલ પરસોતમભાઈ ખોરાવા, મહાવીર મચ્છીમાર સહકારી મંડળીના પ્રમુખ દામોદરભાઈ ચામુડીયા, બોટ એશોસીએસનના પ્રમુખ ખીમજીભાઈ, જેઠાભાઈ, ફીશરીઝ અધિકારી વાઘેલા તેમજ મોટી સંખ્યામાં માછીમાર ભાઈઓએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સોમનાથ મહાદેવના સાનિધ્યમાં સફાઈ અભિયાન યોજાયું



(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ-પાટણ તા.૩ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહવાન મુજબ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના સ્ટેટ કોર્ડીનેટર કૌશલભાઈ દવેનાં નેતૃત્વમાં તથા યુવા બોર્ડનાં ઝોન સંયોજક બ્રિજરાજસિંહ ગોહિલ તથા જિલ્લા સંયોજક હિતેશભાઈ ઓઝાના માર્ગદર્શનમાં શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં સોમનાથ વિધાનસભા તેમજ તાલાલા વિધાનસભાના સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના સંયોજકો દ્વારા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં વીર હમીરજી ગોહિલ તેમજ વેગડા ભીલની પ્રતિમાને પુષ્પાંજલિ કરી દરિયા કિનારા ઉપર સ્વચ્છતા માટે શ્રમદાન કરી પૂજ્ય બાપુને સ્વચ્છાંજલિ આપવામાં આવી હતી.

# ખંભાળિયામાં ભાજપ દ્વારા ગાંધી જયંતીની ઉજવણી કરાઈ



(કુંજન રાડીયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૨ સત્ય અને અહિંસાના પૂજારી દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તો આજરોજ ખંભાળિયામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા અહીંના જોધપુર ગેઈટ ખાતે આવેલી પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવીને પુષ્પાંજલિ અર્પણ કરીને ભાવવંદના કરી હતી. આ ઉપરાંત ગાંધી જયંતી નિમિત્તે દર વર્ષની જેમ વર્ષે પણ ખંભાળિયા શહેર ભાજપના હોદ્દેદારો, નગરપાલિકાના સદસ્યો તથા જિલ્લાના આગેવાનોએ અહીંના ખાદી ભંડાર ખાતે જઈ અને સામૂહિક રીતે ખાદીના વસ્ત્રોને ખરીદી કરી હતી. જેમાં શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી, મહિલા અગ્રણી નિમિષાબેન નકુમ, ગીતાબા જાડેજા, જગુભાઈ રાયચુરા, રેખાબેન ખેતિયા, ઈન્દ્રજીતસિંહ પરમાર, પિયુષભાઈ કણજારીયા, પી.એમ. ગઢવી, હસુભાઈ ધોળકિયા, ભવ્ય ગોકાણી સહિતના કાર્યકરો જોડાયા હતા.

